પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૬૫, કુલ પાના:૪, તારીખ: ૦૩-૦૭-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 265 PRICE :-RS. 1.50 DATE : 03-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

પ્રજા ભલે મરે આપણું ઘર ભરો: RTIમાં સનસનીખેજ ખુલાસો

પેટ્રોલીયમ પ્રોડકટ પર ટેક્ષથી સરકારને ૪.૫૧ લાખ કરોડની કમાણી



ન્યુ દિલ્હી,

પેટ્રોલ અને ડિઝલના વધતા ભાવોથી દરેક લોકો હેરાન-પરેશાન છે. સરકાર પાસેથી ટેકસ અને સેસ ઘટાડવાની માંગણી વધતી રહી છે પરંતુ શું તમને ખબર છે કે પેટ્રોલીયમ પ્રોડકટથી સરકારને અબજો રૂપિયાની કમાણી થઈ રહી છે. પેટ્રોલના ભાવમાં લાગેલી આગ બાદ ડિઝલે પણ સદી ફટકારી દીધી છે. રાજસ્થાનના જેસલમેરમાં ડિઝલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. આમજનતાના ગજવા ખાલી થઈ રહ્યા છે પરંતુ સરકારની તીજોરી ભરાઈ રહી છે. પેટ્રોલીયમ પ્રોડકટ પર કેન્દ્ર સરકારે ૪.૫૧ લાખ કરોડની ટેકસ રેવન્યુ મેળવી છે અને તેમાં ૫૬.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. કોરોનાકાળ દરમિયાન પણ સરકારની તીજોરી છલોછલ થઈ ગઈ છે. એક આરટીઆઈમાં આ ખુલાસો થયો છે.

કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલિયમ પ્રોડકટ્સ પર કસ્ટમ ડ્યુટી અને એકસાઈઝ ડ્યુટી તરીકે ઈન્ડાયરેકટ ટેકસ રેવન્યૂ તરીકે ૪,૫૧,૫૪૨.૫૬ કરોડની કમાણી કરી છે. જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૫૬.૫ ટકા વધારે છે. આ અંગે આરટીઆઈ દ્વારા જાણકારી મળી છે. જયારે પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં કમરતોડ વધારો થતાં કેન્દ્ર અને રાજય સરકારોને ફયુઅલ ટેકસ-સેસ ઘટાડવાની માંગ થઈ રહી છે.

રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલિયમ પેદાશોના આયાત પર રૂ. ૩૭,૮૦૬.૯૬ કરોડની કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવી હતી. સાથે જ દેશમાં આ પ્રોડકટ્સના ઉત્પાદન પર સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટીમાંથી ૪.૧૩ લાખ કરોડ રૂપિયાની આવક થઈ છે. આરટીઆઈ દ્વારા મળેલી માહિતી અનુસાર, ૨૦૧૯-૨૦માં પેટ્રોલિયમ પેદાશોના આયાત પર કસ્ટમ ડ્યુટી તરીકે સરકારે ૪૬,૦૪૬.૦૯ કરોડની આવક મેળવી હતી. જયારે આ પ્રોડકટ્સના ઉત્પાદન પર સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટીથી રૂ. ૨.૪૨ લાખ કરોડ વસૂલવામાં આવ્યા છે. એટલે કે, બંને ટેકસ અંતર્ગત સરકારે ૨૦૧૯-૨૦માં કુલ ૨,૮૮,૩૧૩.૭૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. એક આરટીઆઈ કાર્યકર્તાએ જણાવ્યું હતું કે નાણાં મંત્રાલય સાથે સંકળાયેલ ડિરેકટોરેટ જનરલ ઓફ સિસ્ટમ્સ એન્ડ ડેટા મેનેજમેન્ટએ માહિતીના અધિકાર હેઠળ તેમની અરજી અંગે માહિતી આપી હતી. તો અર્થશાસ્ત્રી જયંતીલાલ ભંડારીના જણાવ્યા મુજબ, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવને કારણે માત્ર સામાન્ય માણસ જ નહીં, પરંતુ આખી અર્થવ્યવસ્થા બગડી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર અને રાજય સરકારોએ ખાસ કરીને પેટ્રોલ અને ડીઝલ પરના તેમના ટેકસ ઘટાડીને લોકોને મોંઘવારીમાંથી રાહત આપવી જોઈએ.

બાયોડિઝલના નામે ભળતા પદાર્થોનું વેચાણ અટકાવવા રુપાણી સરકાર મેદાને

ગાંધીનગર,

રાજયમાં બાયોડિઝલના નામે વેચવામાં આવતા ભળતા પદાર્થોનું અન અધિકૃત વેચાણ તાત્કાલીક અસરથી બંધ કરાવવા મુખ્યમંત્રી વિજય રૂપાણીની સ્પષ્ટ સૂચના આપી હતી. આવા ગેરકાયદેસર વેચાણ સાથે જોડાયેલા લોકો સામે કડક પગલાં લેવાનો પણ આદેશ આપ્યો હતો. રાજયમાં બાયોડિઝલ વેચાણ નીતિના અમલીકરણ અંગે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં મહત્વપુર્ણ નિર્ણય લેવાયો હતો. નાયબ મુખ્યમંત્રી સહિત વરિષ્ઠ મંત્રીઓ હાજર રહ્યા હતા.

બાયોડિઝલના નામે ભળતા પદાર્થોનું વેચાણ અટકાવવા-નિયમીત ધોરણે સમીક્ષા અને દેખરેખ રાખવા મુખ્ય સચિવની અધ્યક્ષતામાં સ્ટેટ લેવલ કમિટિની રચના કરવામાં આવી છે. બાયોડિઝલના નામે ભળતા સોલવંટ-પેટ્રોલિયમ પદાર્થોની આયાત સદંતર અટકાવવા સૂચના અપાઈ હતી. બાયોડિઝલનું વેચાણ રિટેઈલ આઉટ લેટ મારફતે થઈ શકશે નહિ-ઉપલબ્ધતાના આધારે ઓઈલ માર્કેટીંગ કંપની બાયોડિઝલ ખરીદીને સોર્સ પર બ્લેન્ડીંગ કરી વેચાણ કરી શકશે. શુદ્ધ બાયોડિઝલ ઉત્પાદન કરવા એમએસએમઈ સહિતના ઊદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરાશે. આવા ઉત્પાદકો જીપીસીબી સહિતની જરૂરી નિયત મંજૂરીઓ મેળવી ઓઈલ માર્કેટીંગ કંપનીઓને અને ઔદ્યોગિક હેતુ માટે વેચાણ કરી શકશે. ભારત સરકારની બાયોડિઝલ નીતિને રાજયમાં કયા સ્વરૂપે સ્વીકારવી તથા અમલીકરણ કરવું એ સંદર્ભમાં જરૂરી ચર્ચા-વિચારણાઓ ઉચ્ચસ્તરીય બેઠકમાં હાથ ધરાઈ છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયમાં બાયોડિઝલના નામે વેચવામાં આવતા ભળતા પદાર્થોનું અનઅધિકૃત વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરાવવા સ્પષ્ટ સૂચનાઓ આપી છે. તેમણે આવા ગેરકાયદેસર વેચાણ સાથે જોડાયેલા લોકો વિરૂદ્ધ કડક પગલાં લેવાના આદેશો પણ આપ્યા છે. રાજયમાં બાયોડિઝલ વેચાણ નીતિના અમલીકરણ અંગે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં વિજય રૂપાણીએ આ સુચનાઓ આપી હતી. બાયોડિઝલના નામે ભળતા પદાર્થો વેચાવાની મળેલી વ્યાપક ફરિયાદોને ધ્યાનમાં લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તમામ પાસાંઓ સંદર્ભે ચર્ચા-વિચારણા કરીને આ બેઠકમાં કેટલાક વધુ નિર્ણયો પણ કર્યા હતા.

આતંકનો સફાયો: પુલવામાં સેનાએ એન્કાઉન્ટરમાં ૫ આતંકીઓને ઠાર કર્યા

પુલવામા,

જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લામાં આજે એટલે કે શુક્રવારે ઘણી મોટી સફળતા પ્રાપ્ત કરી છે. અહિયાં આપણા જવાનાએ ૫ આતંકવાદીઓને ઠાર માર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર દુર્ભાગ્યવશ ભારતનો એક જવાન પણ આ લડાઈમાં શહીદ થયો હતો. પોલીસના એક અધિકારીના જણાવ્યા મુજબ ગામમાં આંતકવાદીઓ હોવાની જાણ થતાં જ ભારતીય સુરક્ષા સેના દ્વારા પુલવામાં જિલ્લાના હાજિન ગામને ઘેરી એક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોત જોતમાં આતંકવાદીઓ દ્વારા સેના પર ફાયરિંગ થતાં આ અભિયાન સામ સામે ગોળીબારમાં ફેરવાઈ ગયું હતું. ભારતીય જવાનોએ આ ફાયરિંગનો મુકાબલો કરી ૫ આતંકીઓને ઠાર કર્યા હતા.

કાશ્મીરના IGP વિજય કુમારે આ ઓપરેશન વિશેની વિગતો આપતા જણાવ્યું છે કે આ ત્રણ આંતકવાદી મૃત્યુ પામ્યા છે અને હજી પણ બીજા આતંકીઓની શોધ ખોળ ચાલુ છે. વધુમાં તેમણે જણાવ્યું કે શરૂઆતના ગોળીબારમાં જ ભારતનો એક જવાન ઘાયલ થયો હતો, જેને હોસ્પીલટલમાં લઈ ગયા બાદ તેનું મૃત્યુ થયું હતું. ત્યારવાદ જવાનોએ તેનો જવાબ આપતા તેમના ત્રણ સાથીઓને માર્યા હતા.

આ પહેલા જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લામાં પણ બુધવારે ત્રણ આતંકીઓને ખાત્મો બોલાવી દેવાયો હતો. જ્યારે સેનાના બે જવાનો પણ ઘાયલ થયા હતા. ભારતીય સેનાનુ કહેવુ છે કે, જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ સામેનુ અભિયાન ચાલુ રહેશે, રાજ્યમાં શાંતિ સ્થપાય તે ભારતીય સેનાનુ પહેલેથી જ લક્ષ્ય છે. અમારી પાસે આતંકીઓ સામે અભિયાન ચલાવવા માટે મજબૂત તંત્ર પણ છે. શાંતિ અને વિકાસની પ્રક્રિયામાં વિઘ્ન ઉભુ કરવા માંગતા તત્વોનુ ધ્યાન રાખવાની જરૂર છે.

છૂટક અને જથ્થાબંધ વેપારીઓને MSME સેક્ટરમાં સામેલ કરાશે

ન્યુ દિલ્હી,

લૉકડાઉનના કારણે વેપાર ધંધા બંધ થઈ જતાં કેટલાય પરિવારો પાયમાલ થઈ ગયા છે ત્યારે મોદી સરકાર દ્વારા વિવિધ રાહત પેકેજની સાથે અન્ય નિર્ણયો દ્વારા લોકોને લાભ પહોંચાડવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

કોરોના મહામારીને કારણે દેશના છૂટક અને જથ્થાબંધ વ્યાપારીઓને થતાં નુકસાનમાંથી બહાર નિકળવા માટે કેન્દ્ર સરકારે શુક્રવારે મોટી જાહેરાત કરી છે. કેન્દ્ર સરકાર હવે દેશના છૂટક અને જથ્થાબંધ વ્યાપારીઓને પણ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ વેપારને સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. એમએસએમઈ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, કોવિડ-૧૯ની બીજી લહેરને કારણે આવેલા નુકસાનથી છૂટક અને જથ્થાબંધ વેપારીઓ પર પડેલી અસરને ધ્યાનમાં રાખીને હવે તેમને એમએસએમઈના દાયરામાં લાવવાનો નિર્ણય કર્યો છે.

નીતિન ગડકરીએ કહ્યું કે પ્રાયોરિટી સેક્ટર લેડિંગ અંતર્ગત આ સેક્ટરને લાવીને આર્થિક સહાયતા પહોંચાડવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. હવે છૂટક અને જથ્થાબંધ વ્યાપારી પણ રજીસ્ટ્રેશન કરી શકશે. જેનાથી તેમને આરબીઆઈના દિશા-નિર્દેશો હેઠળ બેંકોમાંથી પ્રાથમિક ક્ષેત્રમાંથી સસ્તી લોન મળવાનું સુનિશ્ચિત થશે. નાના, લઘુ મંત્રાલયે છૂટક અને જથ્થાબંધ વ્યાપારીઓને એમએસએમઈમાં સામેલ કરવા માટે સૂચના જાહેર કરી દીધી છે. સરકારના આ નિર્ણયથી ૨.૫ કરોડથી વધુ વ્યાપારીઓને તેનો લાભ મળશે.

તૈયાર રહેજો: ધો. ૯, ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવાશે

ગાંધીનગર,

ગુજરાત શિક્ષણ બોર્ડે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના મહામારી ઓછી થતાં હવે સરકાર ધીમીધીમે અનલોક કરી રહી છે. ત્યારે સ્કૂલોમાં નવા સત્ર પહેલા શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવાનો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓમાં લર્નિંગ લોસ જાણવા નિદાન કસોટી લેવાશે. આગામી ૧૦થી ૧૨ જુલાઈ દરમિયાન સ્કૂલોમાં નિદાન કસોટી લેવાશે. ધો.૯ અને ૧૦માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાનની કસોટી આપવાની રહેશે, જ્યારે ધોરણ.૧૨ વિજ્ઞાનમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ગણિત, બાયોલોજીની કસોટી રહેશે. તેવી રીતે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પણ નિદાન કસોટી લેવાશે.

જાણવા મળી રહ્યું છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા અધ્યયન અને અધ્યાપનનું સ્તર જાણવા માટે ધોરણ.૯, ૧૦ અને ૧૨માં નિદાન કસોટી લેવાશે. નિદાન કસોટી બાદ સમયાંતરે એકમ કસોટીઓનું આયોજન કરવામાં આવશે. નિદાન કસોટીનો અભ્યાસક્રમ તેના આગળના ધોરણના અભ્યાસક્રમમાંથી ઉપયોગી પ્રકરણના મુદ્દાઓનો સમાવેશ કરાશે. ધોરણ ૯ની નિદાન કસોટી માટે ધોરણ ૮ ના વિષયો આધારીત પ્રશ્નપત્રો તૈયાર કરાયા છે. નિદાન કસોટી માટેના પ્રશ્નપત્રો ૭ જુલાઈએ બોર્ડ દ્વારા DEOને મોકલવામાં આવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા કહેવામાં આવ્યું છે કે, ૮ જુલાઈએ બોર્ડની વેબસાઈટ પર પ્રશ્નપત્ર મૂકાશે, ૧૦ થી ૧૨ જુલાઈ દરમિયાન રોજ એક કસોટી વિદ્યાર્થીઓ આપશે. ૧૩ અને ૧૪ જુલાઈએ વિદ્યાર્થીએ લખેલી ઉત્તરવહી પરત મેળવવાની રહેશે. ૩૦ જુલાઈએ વિષયવાર પરિણામ તૈયાર કરવાનું રહેશે.

નવા સત્ર પહેલા ધોરણ ૯, ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવાશે. જેમાં ધોરણ ૯ માટેની નિદાન કસોટીમાં ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની ધોરણ ૮ના અભ્યાસક્રમ મુજબ પ્રશ્નપત્રો તૈયાર કરાયા છે. ધોરણ ૧૦ માટેની નિદાન કસોટીમાં ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની ધોરણ ૯ના અભ્યાસક્રમ મુજબ પ્રશ્નપત્રો તૈયાર કરાયા છે. ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ માટે જીવવિજ્ઞાન, રસાયનવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતની નિદાન કસોટી લેવાશે.

ધોરણ ૧૧ના અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્ર તૈયાર કરાશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માટે નામાંના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, આંકડાશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ભૂગોળ, તત્વજ્ઞાનની નિદાન કસોટી લેવાશે, જેમાં ધોરણ ૧૧ અભ્યાસક્રમમાંથી પ્રશ્નપત્રો તૈયાર કરાશે.

૫ જુલાઈએ રથયાત્રા અંગે નિર્ણય કરાય તેવી શક્યતાઓ

અમદાવાદ,

અમદાવાદમાં ભગવાન જગન્નાથની નગરચર્યાને લઈને જીએસટીવી પર સૌથી મોટા સમાચાર આવ્યાં છે. ભગવાન જગન્નાથ રથયાત્રા પર નજરચર્યાએ નીકળશે કે નહીં તેને લઈને ૫ જુલાઈએ નિર્ણય કરવામાં આવશે. જગન્નાથજીની રથયાત્રામાં દેશભરમાંથી સાધુ સંતો આવે છે. જો કે આ વર્ષે ગીરનારમાથી સંતો રથયાત્રામા જોડાશે નહી.રથયાત્રા અંગે ભલે હુજ કોઈ નિર્ણય ન લેવાયો હોય પરંતુ રથયાત્રા નીકળશે તેને લઈને મંદિરમાં સૂચક તૈયારીઓ શરૂ થઈ છે. ૧૨૦ ખલાસીઓના લીસ્ટ મંદિર દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. કોર્પોરેશનની ઓફિસ ખાતે મેયર સહિતના અધિકારીઓ નાથનું સ્વાગત કરસે.સરસપુર મંદિરમાં ભાણેજ વધામણા થશે. આ વર્ષે પ્રથમ વાર રથયાત્રાનો સમય ગાળો ટૂંકાવવામાં આવશે. વહેલી સવારે ૭ વાગ્યા થી ૧૨ વાગ્યા સુધી રથ નિજ મંદિર પહોંચે તેવી તંત્ર અને મંદિર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ગુજરાત હાઈકોર્ટનો માસ્કનો દંડ ઘટાડવા સ્પષ્ટ ઈન્કાર

અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવ્યા પછી હવે સંક્રમણ ધીમી ધીમે ઘટી રહ્યું છે. છેલ્લા ૨-૩ દિવસથી દૈનિક કેસો ૧૦૦ની અંદર આવી ગયા છે. ત્યારે ગુજરાત સરકારે લોકોને માસ્કના દંડમાં રાહત આપવા માટે વિચાર કર્યો છે. માસ્ક ના પહેરવા પર હજાર રૂપિયાનો દંડ ઘટાડવા માટે એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી. જોકે, ગુજરાત હાઈકોર્ટે અત્યારે માસ્કનો દંડ ઘટાડવા ઇનકાર કરી દીધો છે.

હાઈકોર્ટે કહ્યું, રાજ્યની ૫૦ ટકા જેટલી વસ્તી નું રસીકરણ થવા દો પછી દંડ ઘટાડવા માટે વિચારીશું. હાલના તબક્કે દંડ ની રકમ માં ઘટાડો કરવો વ્યાજબી નહીં હોવાનું કોર્ટનું અવલોકન છે. ૫૦ ટકા જેટલી વસ્તીનું રસીકરણ થાય ત્યારબાદ માસ્કના પહેરવા પર ૫૦૦ રૂપિયાના દંડ બાબતે વિચારી શકાય પરંતુ હાલ નહીં, તેમ કોર્ટે જણાવ્યું હતું.

માસ્ક ના પહેરવા પર હજાર રૂપિયાનો દંડ રાખવામાં આવ્યો હતો તેમ છતાં બીજી લહેર આવી અને ત્રીજી લહેર અપેક્ષિત છે ત્યારે સરકારે રસીકરણ પર વધુ ધ્યાન આપવું જોઈએ, તેમ કોર્ટે કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે હાઈકોર્ટમાં કરેલી એફિડેવિટમાં ત્રીજી લહેરને લઈ આગોતરા આયોજન કરવામાં આવી રહ્યું હોવાનો દાવો કરાયો છે. કોરોનાને લઈ દરેક જરૂરી વ્યવસ્થાની અછત ન ઉભી થાય તે રીતે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વેન્ટિલેટર, ઓક્સિજન બેડ, ધનવંતરી રથ સહિતની વ્યવસ્થા વધારવાનું આયોજન વિશે સોગંદનામામાં રજુઆત કરાઈ હતી.

રાજ્યમાં હાલ એક્ટિવ કેસની સંખ્યા ૨૭૯૪ છે. જેમાંથી હાલ ૨૭૮૩ લોકો સ્ટેબલ છે. ૧૧ લોકો વેન્ટીલેટર પર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૧૦૭૫૧ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૧૦૦૬૨ પર પહોંચ્યો છે. રાજ્યમાં રિકવરી રેટ ૯૮.૪૪ ટકા છે.

જુલાઈ આવી ગઈ પરંતુ વેક્સિન નથી આવી: મોદી સરકાર પર રાહુલ ગાંધીના પ્રહારો

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેર ધીમી પડી છે, તો બીજી તરફ ડેલ્ટા વેરિયન્ટના કારણે ખતરો વધી રહ્યો છે અને ત્રીજી લહેરની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. કોરોનાને રોકવા માટે વેક્સિનેશનને ઝડપી બનાવવું જરૂરી છે, પરંતુ ફરી એકવાર રસીકરણનું કામ ધીમું થયું છે. આ મુદ્દાને લઈને કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યો છે. શુક્રવારના રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું કે, 'જુલાઈ આવી ગઈ છે, વેક્સિન નથી આવી.'

રાહુલ ગાંધીના આ ટ્વીટનો કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધને જવાબ આપ્યો છે. ડૉ. હર્ષવર્ધને ટ્વીટ કર્યું કે, ગઈકાલે જ મેં જુલાઈ વિશે વેક્સિનના આંકડા રાખ્યા હતા. રાહુલ ગાંધીની શું મુશ્કેલી છે? શું તેઓ વાંચતા નથી? ડૉ. હર્ષવર્ધને લખ્યું કે, 'અહંકાર અને અજ્ઞાનતાની કોઈ વેક્સિન નથી. કૉંગ્રેસે પોતાના નેતૃત્વ વિશે વિચારવું જોઈએ.' રાહુલ ગાંધીના ટ્વીટ પર કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું કે, રાહુલ ગાંધી પાસે તથ્યોની કમી છે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી સતત કેન્દ્ર સરકારની વેક્સિન નીતિ પર પ્રશ્નો કરી રહ્યા છે. રાહુલ ગાંધી તરફથી કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારે જલદીથી જલદી મોટી સંખ્યામાં રસીકરણ કરવું જોઈએ, જેથી ઓછા સમયમાં વધારે લોકોને વેક્સિન લાગે અને સુરક્ષા મળી શકે. યોગ દિવસના દિવસે દેશમાં એક જ દિવસમાં લગભગ ૯૦ લાખ વેક્સિન ડોઝ લગાવવામાં આવ્યા હતા, પરંતુ ત્યારબાદ તેની આસપાસ પણ વેક્સિન નથી થયું. કેટલાક દિવસ સુધી જરૂર ૫૦ લાખથી વધારે ડોઝ લાગ્યા, પરંતુ છેલ્લા ૩-૪ દિવસથી ફરી ૨૦થી ૪૦ લાખની વચ્ચે વેક્સિનેશન રોકાઈ ગયું છે.

આમ આદમી પાર્ટીના તમામ કાર્યક્રમમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત રહેશે

ગાંધીનગર,

રાજ્યના ગૃહ વિભાગે તાજેતરમાં જ આમ આદમી પાર્ટીને લઈને મહત્વનો નિર્ણય કર્યો છે. આગામી દિવસોમાં રાજ્યમાં આમ આદમી પાર્ટીના તમામ કાર્યક્રમમાં હવે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રહેશે. રાજ્યમાં છાશવારે આમ આદમી પાર્ટીના કાર્યક્રમ દરમ્યાન નેતાઓ પર હુમલા થયા છે જેના કારણે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨ દિવસ પહેલા જૂનાગઢના વિસાવદર ખાતે આમ આદમી પાર્ટીની ગાડીઓ પર હુમલો થયો હતો. જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં આપના નેતાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આપના નેતા ઈસુદાન ગઢવી, પ્રવીણ રામ અને મહેશ સવાણી સહિતના આપના નેતાઓ પર હુમલો થયો હતો. ત્યારે હવે આ હુમલા થયાના ૪૮ કલાક બાદ ગૃહ વિભાગે આમ આદમી પાર્ટીને સુરક્ષા આપવાની ખાતરી આપી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

દાવલા એફ. જી.

મુ. મઘવાસ, તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પગી એન. એસ.

મુ. કસલાલ, તા. લુણાવાડા

આઈ.સી.ડી.એસ.

આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા બાળકોને વિના મૂલ્યે ગણવેશ વિતરણ

ગુજરાત રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા ૩ વર્ષ થી ૬ વર્ષના દરેક બાળકો (કુમાર અને કન્યા)ને આંગણવાડી કેન્દ્ર મારફતે બાળક દિઠ ૨ જોડી ગણવેશ સરકારશ્રી દ્વારા વિના મૂલ્યે વિતરણ માટે આપવામાં આવતા હોઇ જેથી લાભાર્થીઓ એ ગણવેશ પેટે કોઇપણ પ્રકારની રકમ ચુકવવાની રહેશે નહિ.

કમિશનર - વ - સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

મહીસાગરમાં આયોગના ચેરમેન ના અધ્યક્ષ સ્થાને સંભવિત ત્રીજી લહેરમાં બાળકોમાં કોવિડ-૧૯ સંક્રમણ સામે સુરક્ષા અંગે બેઠક યોજાઈ

તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન મતી જાગૃતિબેન પંડયાએ રાજય સરકાર દ્વારા કોરોનાની મહામારીના પડકાર માટે અનેક પરિણામલક્ષી પગલાંઓ લેવામાં આવ્યા છે. તેના પગલે કોરોનાની અસર ઓછી થઇ જવા પામી છે. રાજય સરકારે અગમચેતીના પગલાંરૂપે કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે પણ પૂરતી તૈયારીઓ કરી છે. ત્યાસરે સંભવિત ત્રીજી લહેરમાં બાળકોમાં થનારા સંક્રમણને લઇને ચિંતા વ્યાકત કરી ગ્રામ્ય કક્ષાએ ટાસ્કી ફોર્સ બનાવી મારા ગામનું બાળક કોરોના મુકત બાળક સૂત્ર અપનાવી સાવચેતી, સર્તકતા સાથે જવાબદારી નિભાવવા બેઠકમાં ઉપસ્થિરત સર્વેને અનુરોધ કર્યો હતો.

મહીસાગર-લુણાવાડા ખાતે કોરોનાની સંભવિત ત્રીજી લહેરમાં બાળકોમાં થનારા સંક્રમણને ધ્યાંને લઇ જિલ્લા પંચાયતના સભાખંડમાં બાળકોમાં કોવિડ-૧૯ સંક્રમણ સામે સુરક્ષા બાબતોની ચર્ચા અર્થે આયોગના ચેરમેન જાગૃતિબેન પંડયાના અધ્યયક્ષસ્થાળને બેઠક મળી હતી.

આ બેઠકમાં જાગૃતિબેન પંડયાએ ખાસ કરીને થેલિસેમિયાગ્રસ્તા કે અન્ય ગંભીર કોઇ રોગથી પીડાતા હોય તો તેવા બાળકોને સંક્રમણ ન લાગે તેની ખાસ વિશેષ કાળજી રાખવા પર ભાર મૂકયો હતો. તેમણે ગામે-ગામ સામાજિક કાર્યકર, મુખ્યો શિક્ષક, સરપંચ, તલાટી, પીડિયાટ્રીશિયન, સી.ડી.પી.ઓની ટાસ્કગફોર્સ દ્વારા જિલ્લા બાળ સુરક્ષા એકમ અને બાળ કલ્યાણ સમિતિના સંપર્ક નંબરોની નાગરિકોને જાણકારી મળી રહે તે માટે બેનર બનાવી લગાવવા સુચવ્યું હતું.

જાગૃતિબેન પંડયાએ કોરોનાની આવનાર સંભવિત ત્રીજી લહેરની પરિસ્થિતિ અંગે મંથન કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકી સૌને સહિયારો પ્રયાસો કરવા જણાવ્યું હતું. તેમણે વધુમાં કોરોના કાળ દરમિયાન માતા-પિતા ગુમાવનાર બાળકોને કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓના લાભ મળતા થાય તેવા પ્રયાસો કરવા પર ભાર મૂકી આવા બાળકોને જરૂરી લાભ મળે તે માટેનું માર્ગદર્શન આપવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ વહીવટીતંત્રએ અગાઉના અનુભવોના આધારે વિશેષ આયોજન કરવામાં આવશે તેમ જણાવી કોરોનાથી બચાવના ઉપય સાથે બાળકોની વિશેષ કાળજી કેવી રીતે લેવી જોઇએ તે અંગેની જાણકારી આપી હતી.

કલેકટરએ આવનાર સંભવિત ત્રીજી લહેર બાળકોને અસર કરી શકે તેમ છે, જો કે આ ત્રીજી લહેર આવવી જ ન જોઇએ તેમ જણાવીને જો આવી લહેર આવે તો મહીસાગર જિલ્લા તંત્ર દ્વારા બાળકોની કાળજી લેવા અંગે વિશેષ પ્રયાસ કરવામાં આવશે અને આ સંક્રમણનો વધુ ફેલાવો ન થાય તે માટે ગામે-ગામ વિવિધ સમિતિઓ થકી જાગૃતિ લાવવાના પ્રયાસને પ્રાથમિકતા આપવામાં આવશે તેમ કહ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખએ બેઠકમાં ઉપસ્થિત સૌ પદાધિકારીઓને સરકારને તમામ તબકકે સહાયરૂપ થવાનો અનુરોધ કરી આ કામગીરીમાં પોતે પણ સહયોગ આપશે તેમ જણાવ્યું હતું.

આયોગના સચિવ પી. બી. ઠાકરએ ત્રીજી લહેરમાં બાળકોમાં સંક્રમણ ન ફેલાય તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાની તમામ સમિતિઓને નાગરિકોમાં જાગૃતિ લાવવાનું કામ કરે તેમ જણાવી કોરોનાના બદલાતા લક્ષણો જણાવી તેનાથી બચવા જરૂરી પોષક તત્વોજ અંગેની જાણકારી આપી હતી.

મહીસાગર બાળ કલ્યાણ સમિતિના ચેરમેન મહેન્દ્ર ભાઇ પટેલે જિલ્લીમાં બાળકોના હિતાર્થે કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમિયાન કેવી રીતે બાળકોલક્ષી કામગીરી કરવામાં આવી હતી તેની જાણકારી આપી હતી. પ્રારંભમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવભાઇ પંડયાએ બેઠકનો હેતુ સમજાવી બાળકોને તમામ યોજનાકીય લાભ અંગેની માહિતી અને કોવિડ-૧૯ દરમિયાન બાળકોને સુરક્ષા અને સલામતી મળી રહે તે માટે સોશિયલ મીડિયાના માધ્યળમથી અને ગ્રામ્ય કક્ષાની સમિતિના સહકારથી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરી જરૂરી તમામ મદદ-સહાય પૂરી પાડવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, નિવાસી અધિક કલેકટર કે. ડી જાદવ, જિલ્લો-તાલુકા પંચાયતના પદાધિકારીઓ, નાયબ જિલ્લાક વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર, જિલ્લો સમાજ સુરક્ષા અધિકારી રેણુકાબેન મેડા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના અંતે ઉપસ્થિકત સૌ મહાનુભાવોએ મારા ગામનું બાળક કોરોના મુક્ત બાળક સૂત્રને સાર્થક કરવાના શપથ લીધા હતા.

મહીસાગર જિલ્લો કોરોના મુકત સતત બારમા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં સતત બારમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૭-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

હાલ જિલ્લા૧માંએકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૯૧૦૮૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા અગીયાર દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લા ને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો ભણતરથી વિમુખ ન રહે તે માટે દાહોદના ગલાલીયાવાડ શિક્ષકો શેરી શિક્ષણની જ્યોત પ્રગટાવે છે

દાહોદ,

એમ તો શિક્ષણ ને શિક્ષક તથા વિદ્યાર્થી એ એકબીજા ના પૂરક છે. આ શિક્ષણ થકી જ સમાજ , સમાજ થકી દેશ બંને છે. ભણતરના જેવા બીજ વવાય એવા ફળ આવનાર દિવસોમાં રાષ્ટ્રને મળે છે. છેલ્લા બે વર્ષથી સમગ્ર વિશ્વમાં કોરોના ના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શકય નથી તેવા સમયે શિક્ષણ વિભાગ તથા સરકાર દ્વારા ઓનલાઇન , ડીડી ગિરનાર, યૂ ટ્યૂબ , ફેસબુક, વ્હોટસએપ તથા ડિજીટલ માધ્યમો થકી શિક્ષણ અપાઈ રહ્યું છે. એવા સમયે દાહોદ જિલ્લામાં આવેલી દાહોદ તાલુકાની ગલાલિયાવાડ પ્રાથમિક શાળા ના તમામ શિક્ષકો થકી બનતા પ્રયત્નો કરીને શિક્ષણ ને બાળકો સુધી પહોંચાડવામાં આવે છે. ખરા અર્થમાં બાળકો સાથે સંવેદનાસભર માહિતીસભર શિક્ષણનો જ્યોત ફેલાવી ગ્રામ્ય વિસ્તારોના બાળકોને શિક્ષણ આપવા માટે અનેરૂં યોગદાન આપી રહ્યા છે શિક્ષણની સાથે સાથે બાળકોને બનતી મદદ કરી સેવા કર્યાનો આનંદ માણી રહ્યા છે ગુરૂ અને શિષ્ય પ્રત્યેનો પ્રેમની પરિભાષાને જીવંત રાખી શિક્ષકો જ્ઞાનની સાથે સાથે દાતાઓના સહયોગથી મદદ પણ કરી રહ્યા છે.

દાહોદ જિલ્લોએ ખેતી પર નિર્ભર જિલ્લો છે જિલ્લા વાસીઓ ઘરનું ગુજરાન ચલાવવા માટે અન્ય જિલ્લાઓમાં રોજી રોટી માટે હિજરત પણ કરતા હોય છે. આ સમગ્ર જિલ્લામાં ડિજિટલ માધ્યમ એટલા અસરકારક નથી સમગ્ર જિલ્લામાં એક સિઝન ખેતી થાય છે મોટા ભાગે મજૂરી કરી જીવન ગુજરાન ચલાવતો ગુજરાતનો આ જિલ્લો છે. કહેવાય છે કે આખા ગુજરાતમાં બનતી બિલ્ડીંગ હોય રોડ રસ્તા આ લોકો વગર શક્ય નથી. સરકારી ઈમારતો હોય કે ખાનગી બાંધકામ આ વિસ્તારના લોકો જોવાશે જ. તેઓના થકી જ આ મહાકાય શહેરો નિર્માણ પામ્યા છે. આર્થિક સ્થિતિ ,ઓછા સંશાધનો તથા શિક્ષણ થી વંચિત રહ્યા છે. એના પણ ઘણા કારણો છે આ બધી સમસ્યાઓનો ઉકેલ એક જ છે શિક્ષણ સમગ્ર સમાજ માટે શિક્ષણ એ સૌથી વધુ આવશ્યક બાબત છે આ ઉપરાંત જયાં બાળકો પાસે મોબાઈલ કે ટીવી જેવા માધ્યમ નથી ત્યાં અમે સૌ રૂબરૂ મુલાકાત કરી કોરોના ગાઈડ લાઈન નું પાલન કરાવીને શિક્ષણ આપવા પ્રયત્નશીલ છીએ. ઘણી વખતે આખા ફળિયામાં એક કે બે ટીવી હોય તો રિચાર્જ ના હોય , જો રિચાર્જ હોય તો અન્ય કોઈ કૌટુંબિક કે સામાજિક પ્રશ્ન હોય તેવા સમયે અમારી પાસે આ બધા પ્રશ્નો ના ઉકેલ માટે ફળિયા શિક્ષણ કે શેરી શિક્ષણ જ એક માત્ર રસ્તો બચે છે. ઘણી વખત તો ફળિયામાં રહેતા વાલીઓને શિક્ષક મિત્રો માટે ખૂબ માન હોય છે. તેઓ પ્રેમ ભાવ તથા આદરપૂર્વક શક્ય તમામ મદદ કરે છે. તો ગામના યુવાનો આવીને પણ જોતા હોય કે સાહેબ કેવી રીતે શું ભણાવે છે?? તેમની જિજ્ઞાસા ની સાથે વાતચીત કરીએ તો ઘણું બધું જાણવા મળે છે તેવું શિક્ષકોએ મત રજૂ કર્યા હતા.

ગલાલિયાવાડ પ્રાથમિક શાળાના સૌથી દૂર એવા નદી ફળિયામાં શેરી શિક્ષણ માટે અમિતભાઈ શાહ, સતીષ પરમાર રમેશભાઈ સંગાડીયા દ્વારા ફળિયે ફળિયે શિક્ષણની જ્યોત ફેલાવે છે. આ તબક્કે આજુબાજુના છૂટા છવાયા ૨૪ ઘરો પૈકીના ૩૦ થી વધુ ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થી મિત્રો ને જ્ઞાન સેતુ સાથે શિક્ષણ આપવામાં આવ્યું. જેમાં ગણિત અમિતભાઈ શાહ દ્વારા, ગુજરાતી રમેશભાઈ સંગાડીયા દાદાએ તથા અંગ્રેજી તેમજ ધોરણ ૭ નું ગુજરાતી સતીષ પરમાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. સવારના ૯:૦૦ કલાક થી ૧૧:૦૦ કલાક સુધીમાં શૈક્ષણિક માર્ગદર્શન ,લેખન ,પ્રશ્નોતરી તથા ગૃહકાર્ય તપાસ્યું તથા શીખવ્યું . જેના પછીથી આસીફ ભાઈ દ્વારા છેક મુંબઈ ના દાતાઓ દ્વારા આપવામાં આવેલા વસ્ત્રો છોકરાઓને આપવામાં આવ્યા. જે મુંબઈ થી આવ્યા બાદથી એના યોગ્ય વિતરણ વ્યવસ્થા તથા અન્ય સહાય બદલ શાળા પરિવાર દ્વારા દાતાનો આભાર વ્યક્ત કર્યો હતો. જેમાં કુલ ૩૦ થી વધુ બાળકો ને તેમજ અન્ય વ્યક્તિઓ ને ઉપયોગી થઈ શકે તેવા વસ્ત્રો આપવામાં આવ્યા. જેનું વિતરણ રમેશભાઈ સંગાડીયા સાહેબ તથા અમિતભાઈ શાહ ના માગેદશેન તેમજ સાથ સહકાર થકી શક્ય બન્યું.

ભારતે હંમેશા વિશ્વને જ્ઞાન ની સાથે ધ્યાન તથા દાનનો મહિમા આપ્યો છે. આ એક વૈચારિકને લોકહિત તથા જરૂરિયાતોને મદદરૂપ થવાના કાર્યમાં મને તથા મારા શાળા પરિવાર ના બાળકોને ભાગીદાર બનાવવા બદલ તથા અમને સાથ સહકાર તેમજ મદદરૂપ થવા માટે સમગ્ર શાળા પરિવાર, ગ્રામ પંચાયત તથા એસ એમ સી તેમજ આચાર્ય તરફથી આદરણીય આસિફભાઈ તથા તેમની સેવાભાવી ટીમનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરી સાધુવાદ.

દાહોદના નીમનળિયા ગામે આવાસના બોર માટે સરપંચ પુત્રએ રૂપિયાની માંગ કરતુ આવેદનપત્ર અપાયુ

દાહોદ,

નીમનળિયા ગામે સરપંચ પુત્ર દ્વારા આવાસ યોજના અને બોર માટે રૂપિયાની માંગણી કરાતી હોવાનો આક્ષેપ કરતુ આવેદન દાહોદ જિલ્લા બી.ટી.પી.ના ઉપપ્રમુખ સહિતના લોકો દ્વારા ટીડીઓને આપ્યુ હતુ.

દાહોદ જિલ્લા ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ મેડાએ આવેદનમાં જણાવ્યુ હતુ કે, ભારતીય બંધારણ ભાગ ૯૨૪૩ એ મુજબ ગ્રામસભાની જોગવાઈ કરવામાં આવી છે.જેનો અમલ નીમનળિયા ગામે થતો નથી. દરેક ગામમાં દર ત્રણ મહિને સામાન્ય સભા બોલાવવામાં આવે છે પણ નીમનળિયામાં આજદિન સુધી કોઈપણ સામાન્ય સભા બોલાવવામાં આવી નથી. સરપંચના સ્થાને તેમનો પુત્ર વહીવટ કરે છે અને આવાસ યોજનામાં લાભાર્થી દીઠ ૧૦૦૦ અને બોર માટે ૧૦ હજારની માંગણી પણ કરાતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ગામમાં બનેલા શૌચાલયોના ખાળકુવા પણ બનાવાયા ન હોવાનુ જણાવાયુ હતુ. આ મામલે ટીડીઓને ઘટતુ કરવાની સાંત્વના આપી હતી.

ખાનપુર તાલુકાના આદિવાસીઓને જાતિના પ્રમાણપત્રો આપવા ધારાસભ્યની રજુઆત

ખાનપુર,

ખાનપુર તાલુકા પંચાયત બાકોર ખાતે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક લોકપ્રશ્નોની ચર્ચા કરવા માટે આવ્યા હતા. ત્યારે આદિવાસી યુવાનોએ ધારાસભ્યને રજુઆત કરતા જણાવ્યુ હતુ કે, ખાનપુર તાલુકામાં વસતા આદિવાસી સમાજના યુવાનોને ૧૯૯૮ બાદ કોઈ કારણોસર આદિવાસી યુવાનોને જાતિ અંગે પ્રમામપત્રો આપવામાં આવતા નથી. ખાનપુર તાલુકાના યુવાનોના પ્રશ્નના કારણે ખાનપુર તાલુકાના યુવાનો દ્વારા ૪ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શિક્ષણ બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

ખાનપુર તાલુકાની ૧૩૧ શાળાઓના વાલીઓ દ્વારા બાળકોને શાળાએ જતા અટકાવવામાં આવ્યા હતા જેથી ૧૫ હજારથી પણ વધુ બાળકો શિક્ષણથી વંચિત રહ્યા હતા. ૧૩૧ શાળાઓના એસ.એમ.સી.સભ્યોએ એકસાથે રાજીનામાં ત્યારબાદ આ ઐતિહાસિક લડતને જોવા બાદ ગુજરાત સરકાર ચિંતિત બનીને તાત્કાલિક લુણાવાડા વિધાનસભાના અપક્ષ ધારાસભ્ય અને હાલ ભાજપના પંચમહાલના સંસદ સભ્ય રતનસિંહ રાઠોડની રજુઆત ધ્યાન પર લઈ ૨૬ ડિસે.૨૦૧૮ના રોજ ડોર ટુ ડોર સર્વે કરીને અભ્યાસ કર્યા બાદ આદિવાસી હોવાના પ્રમાણપત્રો આપવાની હૈયાધારણા આપવામાં આવી હતી. ૨૦૧૮માં આપેલી હૈયાધારણા આપવા પુરતી જ આપી હતી. ખાનપુર તાલુકાના યુવાનો આજદિન સુધી પ્રમાણપત્રોની કાગ ડોળે રાહ જોઈ રહ્યા છે. યુવાનો પોતાને થઈ રહેલા અન્યાય માટે તમા રાજકિય આગેવાનોના શરણે જઈ આજીજીઓ કરે છે છતાંય આ સમાજના લોકોને આદિવાસી હોવાના પ્રમાણપત્રો આપવામાં આવતા નથી.

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા નગરમાં આવેલ ઘાટી બજાર ખાતે ગટરની સાફ સફાઈ કર્યા બાદ કચરો બહાર કાઢીને ભરવામાં નહીં આવતા સ્થાનિક વેપારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. સફાઈ કામદારો દ્વારા ગટર માંથી બહાર કાઢેલ કચરો પડી રહેતા સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓનો પાલિકા સામે આક્રોશ જોવા મળી રહ્યો હતો.

મહિસાગરના બાકોર પોલીસની ચેકિંગ દરમિયાન દારૂની હેરફેર કરનાર અમદાવાદ શાહીબાગનો કોન્સ્ટેબલ ઝડપાયો

ખારોલ,

મહિસાગર જિલ્લામાં બાકોર પોલીસ હાઈવે પર ચેકિંગમા હતી તે સમયે દારૂની હેરાફેરી કરનાર ખુદ પોલીસ હેડ કોન્સ્ટેબલ ઝડપાઈ ગયો હતો. બાકોર પોલીસ દ્વારા બાકોર-લુણાવાડા હાઈવે પર ચેકિંગ દરમિયાન રાજસ્થાનથી ગુજરાતમાં ગાડીમાં લવાતો વિદેશી દારૂ ઝડપી લીધો હતો. અમદાવાદ શાહીબાગ હેડ કવાટર્સમાં ફરજ બજાવતા રણજીતસિંહ ચૌહાણ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઝડપાઈ ગયા હતા. બાકોર પોલીસ દારૂ સહિત બે લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી લઈ પોલીસ દ્વારા પોલીસ કર્મચારી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહિસાગર જિલ્લામાં સરકારી જમીનમાં કરાયેલ દબાણો વિરૂદ્ધ અનેક રજુઆતો છતાં વહીવટી તંત્ર એકબીજાને ખો આપતા જણાયા

લુણાવાડા,

મહિસાગર જિલ્લામાં સરકારી જમીનમાં દબાણ અને નિયમો વિરુદ્ધ ઠેર ઠેર બાંધકામ જોવા મળી રહ્યા છે. જે દબાણોને લઈ નાગરિકો દ્વારા દબાણો દુર કરવા અરજીઓ કરાઈ છે પરંતુ અધિકારીઓ માત્ર ઓર્ડર આપીને છુટી જયા બાદ દબાણ દુર કરવા માટે એકબીજા ઉપર નાંખી દે છે. ત્યારે ગોડના મુવાડા ગામે પંચાયતની બાજુમાં ગૌરાંગ સેવક માથાભારે શખ્સ દ્વારા ૧૮ ફુટ પહોળુ અને ૨૬ ફુટ લાંબુ ગેરકાયદે મકાનનુ બાંધકામ કરાયુ છે જે બાબતે લોકો દ્વારા મહિસાગર કલેકટર, ડીડીઓ અને પંચાયતયના સરપંચ અને તલાટીને ગ્રામજનોએ દ્વારા લેખિત તથા મૌખિક રજુઆતો કરી હતી ત્યારબાદ ડીડીઓ તલાટીને બાંધકામ માટે સુચના આપી પરંતુ બાંધકામ બંધ કરવામાં કેમ રસ નથી જેવા સવાલો પેદા થાય છે જયારે આ બાબતે તલાટી સુધીરભાઈ ને ૪ દિવસથી કોલ કરતા ઉપાડતા ન હોવાથી શંકાઓ સેવાઈ રહી છે.

ગરબાડાના મીનાક્યાર ગામના તળાવ માંથી અજાણ્યા પુરૂષનો મૃતદહ મળ્યો

ગરબાડા,

દાહોદ જિલ્લામાં અજાણી વ્યક્તિઓના મૃતદેહો જે તે જગ્યાએથી મળવાનો સિલસીલો યથાવત રહેવા પામ્યો છે. આજે ફરીવાર ગરબાડા તાલુકાના મીનાક્યાર ગામેથી ગામના એક તળાવમાંથી અજાણ્યા પુરૂષનીલાશ મળી આવતાં તળાવ પાસે ગ્રામજનો એકઠા થઈ ગયાં હતાં અને પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી લાશને તળાવમાંથી બહાર કાઢી લાશને પીએમ અર્થે નજીકના દવાખાને રવાના કરવામાં આવી છે. દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસના સમયગાળા દરમ્યાન જિલ્લામાંથી ત્રણ થી ચાર વ્યક્તિઓની લાશ મળી હતી. ચાર દિવસમાં બે મહિલા અને બે પુરૂષોના અલગ અલગ સ્થળેથી મૃતદેહો મળ્યાં હતા. ત્યારે આજે ફરીવાર ગરબાડા તાલુકાના મીનાક્યાર ગામે ગામના તળાવમાં એક લાશ તરતી જોવાતાં સ્થાનીકો તળાવ ખાતે એકઠા થઈ ગયાં હતાં. આ ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ તાત્કાલિક તળાવ ખાતે દોડી ગઈ હતી જ્યાં સ્થાનીક તરવૈયાઓની મદદથી લાશને તળાવમાંથી બહાર કાઢવામાં આવી હતી. લાશને બહાર કાઢતાં લાશ પુરૂષની હોવાનું માલુમ પડ્યું હતું, પરંતુ હાલ સુધી આ મૃતકના પરિવારજનોનો કોઈ પત્તો લાગ્યો નથી ત્યારે જિલ્લામાં અજાણ્યા વ્યક્તિઓની મળતી આવતાં મૃતદેહોને પગલે અનેક શંકા - કુશંકાઓએ જન્મ લીધો છે. મીનાક્યાર ગામેથી મળી આવેલ આ અજાણ્યાં પુરૂષની લાશને તળાવમાંથી બહાર કાઢ્યાં બાદ પોલીસે તેને નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ ખાતે રવાના કરવામાં આવી છે. ત્યારે આ વ્યક્તિ ક્યાંનો હશે? અને અહીં કેવી રીતે આવ્યો? અને તેની આત્મહત્યા કરી હશે કે તેની હત્યા કરી દેવામાં આવી હશે? જેવા અનેક સવાલો પંથકવાસીઓમાં ઉદ્ભવવા પામ્યાં છે.

લુણાવાડા બસ સ્ટેન્ડ પાછળ ગંદકીથી ઉભરાતા કચરા કન્ટેનર્સથી રહિશો ત્રાહિમામ

મલેકપુર,

લુણાવાડા બસ ડેપો પાછળ કચરો એકત્ર કરવાના કન્ટેનર્સમાંથી કચરો ઉભરાતા દુર્ગંધ અને અસહ્ય ગંદકીથી રહિશો ત્રસ્ત બન્યા છે.

લુણાવાડામાં કોરોનાનો કહેર ઓવો થયો છે ત્યારે ચોમાસાના પ્રારંભે જ પાણીજન્ય રોગો માંથુ ઉંચકે તેવી પરિસ્થિતિઓનુ નિર્માણ પાલિકા બેદરકારીના કારણે વર્તાઈ રહ્યુ છે. નગરમાં વિવિધ વિસ્તારોમાં કચરો એકત્ર કરવાના કન્ટેનર્સમાં કચરો ઉભરાઈ રહ્યો છે. લુણાવાડા બસ ડેપો પાછળના ભાગમાં કન્ટેનર્સમાં અસહ્ય દુર્ગંધ અને ગંદકીના કારણે રહિશોનુ આરોગ્ય જોખમમાં મુકાયુ છે. અનેક રજુઆતો છતાં પાલિકા તંત્રના બહેરા કાને અથડાઈને પાછી ફરી છે. અગાઉ પણ કચરાના કન્ટેનર્સ લાંબા સમય સુધી કચરામાં પડી રહેતા ખવાઈ જવાની તંત્ર હરાજી કરી તેનો નિકાલ કર્યો હતો. ત્યારે આ કન્ટેનર્સની પણ એવી જ દશા થાય તેવુ ચર્ચાઈ રહ્યુ છે. આ કન્ટેનર્સ વધારાના છે ? લાંબા સમયથી અહિં નાંખી રાખવામાં આવ્યા છે તો પ્રજાના પૈસે જરૂરિયાત વગરના કન્ટેનર્સની ખરીદી કેમ કરવામાં તે પણ તપાસનો વિષય છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૩-૦૭-૨૦૨૧, શનિવાર, જેઠ વદ-૯, સૂર્યોદય-૫-૨૭, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્રઃ રેવતી

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

દૈનિક રાશીફળ

તા.૦૩.૦૭.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઇ.):- સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

વૃષભ(બ.વ.ઉ.):- પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે.

મિથુન(ક.છ.ઘ.):- થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે.

કર્ક(ડ.હ.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

સિંહ(મ.ટ.):- તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

તુલા(ર.ત.):- તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો.

વૃશ્ચિક(ન.ય.):- તમને તમારા ટેન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. બાળકો શાળાને લગતા પ્રોજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

મકર(ખ.જ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

ફતેપુરા મામલતદાર કચેરીને અડીને આવેલ સરકારી જમીનને સરપંચ દ્વારા ભૂમાફિયાઓને વેચતા ખળભળાટ

ફતેપુરા,

ફતેપુરા મામલતદાર કચેરી ને અડીને આવેલી સરકારી જમીન ગ્રામ પંચાયત ના સરપંચ દ્વારા ભૂ–માફિયાઓને ઉંચી કિંમતમાં વેચી મારી હોવાની ચર્ચાઓએ જોર પકડતા નગરમાં ખળભળાટ : મામલતદાર અને ટીડીઓ ભ્રષ્ટાચારમાં સામેલ હોવાની ચર્ચા.

ફતેપુરા નગરમાં દિન પ્રતિદિન સરકારી જમીનો પર ગેરકાયદેસર દબાણો વધી રહ્યા છે, પરંતુ સરકાર તંત્ર મૌન સેવીને બેઠુ છે. તાલુકાની સરકારી જમીનોની સાચવણી અને ગેરકાયદેસર દબાણ અટકાવવાની જવાબદારી રાજય સરકાર દ્વારા તાલુકાના મામલતદાર, ટીડીઓને સોંપવામા આવી છે. રાજય સરકાર ના મહેસુલ વિભાગ અને પંચાયત વિભાગ તરફથી સરકાર જમીનની સાચવણી બાબતે અનેક પરિપત્રો બહાર પાડી સુચનાઓ આપવામા આવી છે, પરંતુ ફતેપુરા તાલુકાના મામલતદાર અને ટીડીઓ દ્વારા સરકારી જમીનો પર થતુ દબાણ અટકાવવા કોઈ અસરકારક કામગીરી કરવામા આવતી નથી.અધિકારીઓ દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરતા તત્વો સામે કાર્યવાહી ન કરતા ભૂ–માફીયાઓને મોકળું મેદાન મળ્યુ છે.

ફતેપુરામાં છેલ્લા છ મહિનામાં કરોડો રૂપિયાની સરકારી જમીનો પર ભૂ–માફીયાઓ દ્વારા ગેરકાયદેસર બાંધકામો કરવામાં આવ્યા છે. ત્યારે સરકારી તંત્ર દેખતી આંખે આંખ આડાકાન કરી રહ્યું છે. જેને લઈને મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની કામગીરી પણ શંકાના દાયરામા આવી છે.

તાલુકાની મુખ્ય ગણાતી ફતેપુરા મામલતદાર કચેરી તરફ જવાના રસ્તાની નજીકમાં જ સરકારી જમીનમાં ખાનગી જમીન માલીકે પોતાની જમીનની સાથે સાથે સરકારી જમીનમા ગેરકાયદેસર ખોદકામ કરી સરકારી જમીન પર કબજો કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી બે માળનું કોમ્પલેક્ષ બનાવી કરોડો રૂપિયાની જમીન પચાવી પાડી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

ફતેપુરામા સરકારી જમીન પર થતા ગેરકાયદેસર બાંધકામ અટકાવવા સ્થાનિક લોકોએ ફતેપુરા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને અનેક લેખિત રજૂઆતો કરવામા આવી છે, પરંતુ અધિકારીઓને ભૂ–માફીયાઓ પાસેથી મોટી મલાઈ મળતી હોવાથી અધિકારીઓ દ્વારા બાંધકામ થતુ અટકાવવામા આવતુ નથી, ફક્ત સરકારી ચોપડે નોટીસ આપી સંતોષ માનવામા આવી રહ્યો છે. ભૂ–માફીયાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરાતી નથી.

જમીનની માપણી પણ સરકારી વિભાગો દ્વારા ખોટી કરી ખાનગી જમીન માલીકો ને ફાયદો કરાતો હોવાનો ગામ લોકો બળાપો કરી રહ્યા છે. જમીન સર્વે વિભાગ ના કેટલાક ભ્રષ્ટાચારી સર્વેયરો દ્વારા ભૂ–માફીયાઓ પાસેથી મોટી રકમ લઈને ખોટી માપણી થયાની અનેક ફરિયાદો થઈ છે, કેટલાક ભ્રષ્ટાચારી સર્વેયરો સામે હાલ તપાસ પણ ચાલી રહી છે, તેવામા ફતેપુરાની સરકારી જમીનોમાં પણ મોટી ગેરરીતી થઈ હોવાનુ લોકો ચર્ચાઓએ કરી રહ્યા છે.

ફતેપુરા ની મામલતદાર કચેરી ને અડીને આવેલી સરકારી જમીન ગેરકાયદેસર કોમ્પ્લેક્ષનુ બાંધકામ દુર કરવા રાજયના મુખ્યમંત્રી સુધી રજૂઆત બાદ પણ કોઈ અસરકારક કાર્યવાહી નહી થતા લોકોમાં ફતેપુરા મામલતદાર અને ટીડીઓની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે ભ્રષ્ટાચારી અધિકારીઓ ક્યારે જાગશે અને સરકાર જમીન પરનું દબાણ દુર કરવા કોઈ પગલા ભરશે કે કેમ તે કહેવુ હાલ તો મુશ્કેલ છે.

દાહોદમાં રૂ.૪૦૩ કરોડના ખર્ચથી ૩૮૧ ગામોને પાણી આપવાની યોજનાઓને એક સાથે મંજૂરી

દાહોદ,

રાજ્યના તમામ ઘરોને વર્ષ ૨૦૨૨ સુધીમાં પીવાનું શુદ્ધ પાણી આપવાના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સંકલ્પને સાકાર કરવા માટે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ દાહોદ જિલ્લામાં એક સાથે ૩૮૧ ગામોની યોજનાની મંજૂરી આપી છે. પાણીપુરવઠા બોર્ડ અને વાસ્મોના બે મુખ્ય ઇજનેરોએ દાહોદમાં સતત ત્રણ દિવસ મુકામ નાખી રૂ. ૪૦૩ કરોડની આ યોજનાઓને આખરી આપી શકાયો છે. વિશેષ વાત તો એ છે કે, આ ૩૮૧ ગામો પૈકી ૧૮૯ ગામોમાં સોલાર પેનલ આધારિત વીજળીની બેકઅપ વ્યવસ્થા કરાશે.

દાહોદ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ દ્વારા દાહોદ જિલ્લામાં હાલની સ્થિતિએ ચાલી રહી યોજનાની વિગતો જોઈએ તો જિલ્લામાં વર્તમાન સમયે ૭૨૮ ગામો પૈકી ૩૩૯ ગામોને નલ સે જલ યોજના હેઠળ આવરી લેતી પાણીની યોજનાની મંજૂરી આપવામાં આવી છે. જેની કિંમત રૂ. ૧૩૨ કરોડ જેટલી થવા જાય છે. તેમાં ૪,૦૯,૬૦૩ ઘરોને આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ ૩૩૯ પૈકી ૨૩૩ વર્ક ઓર્ડર ઇસ્યુ થઇ ગયા છે. બાકીની યોજના પૂર્ણ થઇ ગઇ છે. હવે બાકી રહેતા ગામોની યોજનાઓ સત્વરે પૂર્ણ થાય એ માટે પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મોના મુખ્ય ઇજનેર બી. ડી. રામચંદાણી તથા એલ. કે. કોટાએ છેલ્લા ત્રણ દિવસથી દાહોદ ખાતે મુકામ કર્યો હતો. આ બન્ને મુખ્ય ઇજનેરોના રોકાણ દરમિયાન વોસ્મોના યુનિટ મેનેજર તથા પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઇજનેર અલ્પેશ પટેલે ૩૮૧ ગામોને નલ સે જલ યોજનામાં આવરી લેવાની યોજનાને આખરી ઓપ આપ્યો છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની આજે બેઠકમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી તથા જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે આ યોજનાની ઝીણવટભરી માહિતી મેળવી હતી અને બાદમાં તેને મંજૂર કરી હતી. ૩૮૧ ગામોના ૨,૪૫,૦૮૦ ઘરોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. પાણીના સ્થાનિક સ્ત્રોત ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ જૂથ યોજનામાંથી આ ગામોમાં ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી આપવામાં આવશે. આ ઉપરાંત સમિતિ દ્વારા ૧૬ ગામોની રિવાઇઝ્ડ યોજનાને પણ મંજૂરી આપી છે.

અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે, ૩૮૧ ગામોની પાણીની યોજનાની એક સાથે મંજૂરીની બાબત દાહોદ માટે વિક્રમી બાબત છે. આ ઉપરાંત નલ સે જલ યોજનાની મંજૂરીની બાબતમાં ૯૯ ટકા કામગીરી પૂરી થઇ ગઇ છે. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી.બી.બલાત ઉપરાંત પાણી પુરવઠા બોર્ડના અધિક્ષક ઇજનેર રશ્મિકાંત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઝાલોદના ધાવડીયા ગામેથી લાંચ લેતાં ઝડપાયેલ તલાટીના જામીન અરજી નામંજુર કરાઈ

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ધાવડીયા ગામે કેટલાંક દિવસો પુર્વેક ધાવડીયા ગામનો તલાટી કમ મંત્રી રૂા.૧૩,૫૦૦ હજારની લાંચમાં દાહોદ એસ.સી.બી. પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયાં બાદ પોલીસે આરોપી તલાટી કમ કમંત્રીને દાહોદની નામદાર સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો અને આ દરમ્યાન તેને પોતાના જામીન માટે અરજી કરતાં કોર્ટે વકીલોની દલીલને ગ્રાહ્ય રાખી આરોપી તલાટી કમ મંત્રીના જામીન નામંજુર કરતો હુકમ કરતાં કોર્ટ સંકુલ સહિત જિલ્લાની ગ્રામ પંચાયતના તલાટી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.



એનઆરજી યોજના હેઠળ વિવિધ નવીન કામોની કુલ – ૧૮ ફાઈલોમાં સહી સિક્કા કરી આપવા માટે ઝાલોદ તાલુકાના ધાવડીયા ગ્રામ પંચાયતના તલાટી કમ કમંત્રી અલ્પેશકુમાર પનાલાલ પ્રજાપતિએ એક જાગૃત નાગરિક પાસે ફાઈલ દીઠ રૂા.૫૦૦ની લાંચની માંગણી કરી હતી તેમજ અગાઉ સહી સિક્ક કરેલ તેના બાકી રહેલ રૂા.૬૦૦૦ એમ મળી કુલ રૂા.૧૩,૫૦૦ની માંગણી માંગણી કરી હતી. જે લાંચની રકમ જાગૃત નાગરિક આપવા માંગતો ન હોવાને કારણે તેણે એસીબી અમદાવાદની વડી કચેરીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ ઉપર જાણ કરી એસીબી પો.સ્ટે.દાહોદ ખાતે આરોપી વિરૂદ્ધમાં ફરીયાદ આપતાં જાગૃત નાગરિકની ફરિયાદના આધારે દાહોદ એસ.સી.બી. પોલીસે ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન આરોપી તલાટી કમ કમંત્રી અલ્પેશકુમાર પનાલાલ પ્રજાપતિ જૃત નાગરિક પાસેથી પાસેથી રૂા.૧૩,૫૦૦ની લાંચ લેતા ઝડપાઈ જતાં જે તે સમયે દાહોદ જિલ્લાની ગ્રામ પંચાયત આલમના સરપંચ મંડળ અને તલાટી મંડળમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામી હતી. આરોપી તલાટી કમ કમંત્રી અલ્પેશકુમાર પનાલાલ પ્રજાપતિ વિરૂદ્ધમાં દાહોદ એસીબી પો.સ્ટે.ગુ.ર.નં.૦૨/૨૦૨૧ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ–૧૯૮૮ના (સુધારો–૨૦૧૮)ની કલમ –૭(એ), ૧૩(૧)(બી), તથા ૧૩(૨) મુજબનો ગુનો દાખલ પણ થયો હતો.

આરોપી અલ્પેશકુમાર પનાલાલ પ્રજાપતિએ નામદાર સેશન્સ કોર્ટ, દાહોદ ખાતે રેગ્યુલર જામીન મેળવવા જામીન અરજી દાખલ કરેલ હતી જેમાં તપાસ કરનાર અધિકારી દ્વારા સોગંધનામુ ફાઈલ કરતાં તેમજ આરોપી વિરૂદ્ધના દસ્તાવેજી પુરાવા, મૌખિક પુરાવા, ટેકનિકલ પુરાવાઓને ધ્યાને લઈ તથા સરકારી વકીલ પી.પી.જૈનની ધારદાર દલીલો ધ્યાને લઈ આરોપીની રેગ્યુલર જામીન અરજી નામદાર સેશન્સ કોર્ટ, દાહોદ નાઓએ આરોપી તલાટી કમ મંત્રી અલ્પેશકુમાર પનાલાલ પ્રજાપતિની જામીન અરજી નામંજુર કરતાં લોભીયા તલાટી કમ મંત્રી આલમમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ આવેલ શિક્ષણ મંત્રીને મા.ઉચ્ચતર અને બુનિયાદી શાળાના વિવિધ પ્રશ્નોની રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથકે એવા દાહોદ શહેરમાં આજરોજ ગુજરાતના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં પધાર્યાં હતાં. આ દરમ્યાન દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા જિલ્લામાં આવેલ માધ્યમિક ઉચ્ચ માધ્યમિક ઉત્તર બુનિયાદી શાળાના વિવિધ પ્રશ્નોની લેખિત રજુઆત પણ કરવામાં આવી હતી.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા આજે દાહોદ શહેરના વિશ્રામગૃહ ખાતે આવેલ ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની મુલાકાતે પહોંચ્યાં હતાં જ્યાં દાહોદ જિલ્લામાં આવેલા માધ્યમિક ઉચ્ચ માધ્યમિક ઉત્તર બુનિયાદી શાળાના વિવિધ પ્રશ્નો જેવા કે, પરિણામ આધારીત ગ્રાન્ટ પ્રથા રદ કરવા, દાહોદ જિલ્લો મહત્વાકાંક્ષી જિલ્લો હોવાથી ધોરણ ૦૯ થી ૧૨માં રમતગમતના સાધનો, વિજ્ઞાનના સાધનો, સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે સંગીતના સાધનો, ડ્રેસ (ગરબા, રાસ, નૃત્ય) ખરીદવા આર્થિક સહાત કરવા, શાળાઓમાં આચાર્ય, કલાર્ક, પટાવાળા, લાયબ્રેરિયન, શિક્ષકોની તારીખ ૩૧.૦૫.૨૦૨૧ સુધીમાં ખાલી પડેલ જગ્યાઓ તાત્કાલિક ભરવા, અગાઉથી નિમણુંક હુકમો મંગાવી લેવાની પ્રથા બંધ કરવા, વર્ષ ૨૦૨૧–૨૨ની નિભાવ ગ્રાન્ટ પ્રથમ હપ્તો આપેલ નથી જે આપવા, પ્રવાસી શિક્ષકોના મહેકમના આદેશ દાહોદ જિલ્લામાં થયેલ નથી જે તાત્કાલિક કરવા આદેશ કરવા, કોવિડ–૨૦૧૯ થી ૨૦૨૧ સુધીના કોરોના કાળમાં શાળાઓને લાગતા મિલ્કત વેરો, વિજળી બીલ,પાણીવેરો, મકાનવેરો, સફાઈવેરો વિગેરે માફ કરવા બાબત, દાહોદ જિલ્લાની શાળાઓમાં ભૌતિક સુવિધાઓ માટે સીએસઆરમાંથી ગ્રાન્ટ મળે તે માટે યોગ્ય રજુઆત તેમજ દાહોદ જિલ્લાની શાળાઓમાં ધોરણ ૦૯ થી ૧૨માં વિદ્યાર્થી સંખ્યા વધતા વધારાના વર્ગોને મંજુરી આપવા બાબતે સહિતની અનેક રજુઆતો લેખિતમાં કરવામાં આવી હતી.

દાહોદ જિલ્લામાં કોરોનાકાળમાં શિક્ષણની સ્થિતિની સમીક્ષા કરતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

દાહોદ,

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આજે દાહોદ જિલ્લાની મુલાકાત લીધી હતી અને જિલ્લાના શિક્ષણ વિભાગ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી કોરોનાકાળમાં જિલ્લામાં શિક્ષણની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લાના પ્રાથમિક શિક્ષકો દ્વારા ફળિયા શિક્ષણની પહેલની પ્રશંસા કરી હતી અને માધ્યમિક શિક્ષકોને તેમનામાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મંત્રી ચૂડાસમાએ બેઠકમાં જણાવ્યું કે, દોઢેક વર્ષથી કોરોનાને કારણે પ્રત્યક્ષ શિક્ષણની કામગીરી ખોરંભે પડી છે. ઓનલાઇન શિક્ષણ એ અત્યારના સમયનો વિકલ્પ છે, પરંતુ તેમાં પ્રત્યક્ષ શિક્ષણ જેવી આત્મીયતા નથી. તેમાં પણ ભોગૌલિક પ્રતિકુળતા ધરાવતા દાહોદ જિલ્લામાં ઓનલાઇન શિક્ષણ મૂશ્કેલ છે ત્યારે અહીંના પ્રાથમિક શિક્ષકોએ ફળિયા શિક્ષણની પહેલ કરીને ખૂબ સુંદર કામગીરી કરી રહ્યાં છે. કોઇ પણ આદેશ વિના સ્વપ્રેરણાથી શિક્ષકો દ્વારા કરવામાં આવી રહેલા વિવિધ પ્રયોગો પ્રશંસાને પાત્ર છે.

તેમણે જણાવ્યું કે, રાજ્યમાં શિક્ષણ ઉત્તરોઉત્તર પ્રગતિના નવા શિખરો સર કરી રહ્યું છે. આપણે માળખાકીય સુવિધાઓ, શિક્ષકોની સંખ્યા, શિક્ષણની ગુણવત્તા, નિયમિતતા વગેરે માપદંડોમાં ખૂબ સારૂં પ્રદર્શન કર્યું છે. તેને વધુ ઉચ્ચ સ્તરે લઇ જવાની જવાબદારી શિક્ષકોની જ છે. શિક્ષકોને વ્યક્તિનિર્માણનું કામ કરવાનું છે. કોરોનાના સમયે પણ શિક્ષણકાર્ય અટક્યું નથી. વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા માટેની ઘગશ શિક્ષકમાં હોવી ખૂબ જરૂરી છે. આવા સમયમાં આ ઘગશ જ શિક્ષણ માટેના નવા માર્ગ શિક્ષકને દેખાડે છે.

બેઠકમાં મંત્રી ચૂડાસમાએ જિલ્લામાં ઓનલાઇન શિક્ષણની કામગીરીની સફળતા, બ્રીજ કોર્સનું સાહિત્ય તેમજ કામગીરી, ફળિયા શિક્ષણ, શિક્ષકોની હાજરી, સ્કુલ ઓફ એક્સીલન્સ, નવી મંજૂર થયેલી શાળાઓ, વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક મળી ગયા છે કે કેમ વગેરે બાબતો વિશે વિશદ સમીક્ષા કરી હતી.

જિલ્લામાં ફળીયે ફળીયે જઇને શિક્ષણ વિદ્યાર્થીઓ સુધી પહોંચતું કરતા દાહોદના પજ્ઞાચક્ષુ શિક્ષક હેતલકુમાર કોઠારીનું મંત્રી ચૂડાસમાએ આ પ્રસંગે વિશેષ સન્માન કર્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, જિલ્લા શિક્ષણ ભવન પ્રાચાર્ય એસ.વી. રાજશાખા, જિલ્લા શિક્ષણાધિકારી કાજલ દવે, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સુનિતાબેન સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સંજેલી તાલુકા પંચાયત કચેરીના શૌચાલયમાં દારૂની ખાલી બોટલો જોઈ કામ અર્થે આવતાં અરજદારોમાં ચર્ચાઓ

સંજેલી,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાની તાલુકા સેવા સદન સંજેલીની કચેરીમાં જાણે દારૂની રેલમઝેલ થઈ રહી છે. આ કચેરીના શૌચાલયની બાજુમાં દારૂની ખાલી બોટલો નજરે પડી છે. દારૂની ખાલી બોટલો નજરે પડતાં કચેરી ખાતે કામ અર્થે આવતાં જતાં લોકોમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે ખુદ સરકારી બાબુઓની નજર રહેમ હેઠળ સરકારી કચેરીઓમાંજ દારૂની રેલમઝેલ થતી હોય તો બુટલેગરોને તો જાણે ખુલ્લુ મેદાન જ મળી જશે બીજી તરફ આ સરકારી કચેરીમાં દારૂની મીજબાની શું સ્થાનીક પોલીસ તંત્રની નાકામી ભરી કામગીરી દર્શાવિલ છે કે, પછી પોલીસ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતાં હશે? તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે સંજેલી તાલુકામાં પણ મોટા પાયે વિદેશી દારૂનો વેપલો અને વિદેશી દારૂની હેરાફરી સહિત ગેરકાયદે પ્રવૃતિ પોલીસની નજર રહેમ હેઠળ થતી હોવાની સંજેલીવાસીઓમાં ભારે ચર્ચાઓ જોર પકડ્યું છે.

તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

ગાંધીના ગુજરતામાં આમ તો વિદેશી દારૂના વેચાણ ઉપર પ્રતિબંધ છે પરંતુ જો માનવામાં આવે તો આજ ગાંધીના ગુજરાતમાં આખા દેશ કરતાં સૌ વધુ વિદેશી દારૂ ઠલવાતો હોય તેમ લાગી રહ્યું છે. પ્રતિબંધો સહિત અનેક કાયદા અને કાનુનનું ગાંધીના ગુજરાતમાં છડેચોક ઉલ્લઘંન તો અવાર નવાર થતું જ રહે છે. હાલ ગઈકાલેજ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા વન અભયારણ્ય વિસ્તારમાં સમાવેશ શિવરાજપુર રેન્જના ઝીમીરા રિસોર્ટ શરાબ શબાબ અને કબાબની હાઈ પ્રોફાઈલ પાર્ટી માટે આવેલા ખેડા જિલ્લાના માતરના ભા.જ.પ. ધારાસભ્ય કિરીટસિંહ સોલંકી સહિત અન્ય લોકો શરાબ, શબાબ અને કબાબની પાર્ટી પર પંચમહાલ પોલીસ તંત્રના આક્રમક તેવરોમાં અસામાજીક પ્રવૃત્તિઓમાં સામે હાથ ધરાયેલ ઝુંબેશમાં ધારાસભ્ય સહિત શરાબ શબાબ અને કબાબની કોકટેલ પાર્ટીમાં માતરના ભા.જ.પ.ના ધારાસભ્ય કેસરસિંહ સોલંકી સહિત ૩૦ જેટલા શોખીનોને પંચમહાલ પોલીસે ઝડપી પાડતા ગુજરાત સત્તાધારી ભા.જ.પ.ના રાજકરણામાં ભારે ભૂકંપ સર્જાયો છે. દાહોદ જિલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનને અડીને આવેલ જિલ્લો છે અને તેમાંય રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં મોટાપાયે વિદેશી દારૂ ઢલવાતો હોવાની છડેચોક બુમો ઉઠે છે. ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવાનું એપી સેન્ટર એટલે દાહોદ જિલ્લો. મોટાભાગે દાહોદ જિલ્લામાંથી જ વિદેશી દારૂ ઘુસાડવાનું બુટલેગરો તેમજ હેરાફેરી કરતાં તત્વોને મોકળું મેદાન મળે છે.

વાત કરીએ આપણે દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના તાલુકા સેવા સદન કચેરીની. અહીં આજે એક અલગજ નજારો જોવા મળ્યો છે. આ કચેરીના શૌચાલયની બાજુમાં વિદેશી દારૂની તેમજ બીયરની ખાલી બોટલો મળી આવી છે. સંજેલી તાલુકાની મામલતદાર કચેરીના બીજા માળે સીટી સર્વે ઓફિસની બાજુમાં આવેલ જાહેર શૌચાલયમાં એક જાગૃત નાગરિક શૌચાલય કરવા ગયાં હતાં જ્યાં આ વિદેશી દારૂની ખાલી બોટલો નજરે પડતાં તેમજ આ કચેરીમાં કામકામ અર્થે આવતાં અન્ય લોકોની નજરોમાં પણ આ ખાલી બોટલો નજરે પડતાં કચેરીના કામકાજ પર અને કચેરીના જવાબદાર કર્મચારીઓ પણ અનેક સવાલો ઉભા થયાં છે. બીજી તરફ સંજેલી તાલુકાની પોલીસની નજર રહેમ હેઠળ આમ પણ સંજેલીમાં વિદેશી દારૂની હાટડીઓ ખુલ્લેઆમ ધમધમી રહી જ છે. હપ્તાગીરીના માહોલ વચ્ચે બુટલેગરો બેફામ બની રહ્યાં છે તેવી અનેક ચર્ચઓ પણ સંજેલી નગરવાસીઓમાં થવા માંડી છે ત્યારે આજના આ નજરાને પગલે શું પોલીસ તંત્ર સફાળે જોગી બુટલેગરો પર લગામ કશશે કે, પછી જૈસે થે, વૈસે.. ની પરિસ્થિતીમાંજ રહી કામગીરી કરશે? તે જોવાનું રહ્યું.

દે.બારીયા ST બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વાર પાસેનો ખાડો ક્યારે અને કોણ પૂરણ કરશે ?

દે.બારીયા,

દે.બારીયા બસ સ્ટેન્ડનો પ્રવેશ દ્વારાના બીલકુલ સાઈડમાં એક મસમોટો ખાડો કોઈ બસની ખાબકવાની રાહ જોઈને છેલ્લા ચાર થી છ માસ બેઠું હોય તેમ લાગી રહ્યું છે. આ મોટો ખાડો પાઈપ લાઈન વરસાદી પાણી તથા ગંદાપાણીના નિકાલ કરવા માટે નાખી ત્યારથી છે. પરંતુ દે.બારીયા એસ.ટી.ડેપોના મેનેજરને દેખવામાં આવતું નથી. આ ખાડો બસ સ્ટેન્ડની અંદરના ભાગમાં છે. તેથી આ મોટા ખાડાનું સમારકામ એસ.ટી. વિભાગીય કચેરીના તાબે આવે છે. તો એસ.ટી. વિભાગના કોન્ટ્રાકટરનું અધુરુ કાર્ય કોણ પુરું કરાવશે તે કોના હસ્તક કાર્યની દેખરેખ છે. તે તપાસનો વિષય છે.

તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા એસ.ટી.ડેપો અને બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વારની લગોલગ એક મસમોટો ખાડો છે. હાલમાં આ કાર્ય અધુરું છે. કાર્યનું મટીરીયલ ઈંટો તથા રેતી પણ આસપાસ પડેલ નજરે પડે છે. આ ખાડો પાઈપ લાઈન વરસાદી પાણી તેમજ ગંદા પાણીના નિકાલ કરવા માટે બસ સ્ટેન્ડ પાછળના કોતર તરફ પાઈપ પાથરેલી દેખાય છે. આનું અધુરું કાર્ય મૂકીને કોન્ટ્રાકટર ઘર ભેગો થઈ ગયો છે. તો આવા કોન્ટ્રાકટરને કેમ બ્લેક લીસ્ટમાં ન મુકવો તથા બારીયા ડેપો મેનેજરે અધુરું કાર્ય કેમ રાખવા દેવો જોઈએ કે પછી ડેપો મેનેજર કોન્ટ્રાકટર પાસે કોઈ લેવડદેવડની પતાવટ તો કરી લીધી નથી. તેવા અનેક સવાલો ઉપસ્થિત થાય છે. બસ સ્ટેન્ડના અંદરનું કાર્ય એસ.ટી. વિભાગનો કોન્ટ્રાકટર અધુરું રાખી બીલ પાસ કેમ કરવા જોઈએ તો આ બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વારમાં મોટો અકસ્માત ના થાય તે માટે સત્વરે આ મસમોટા ખાડાનું અધુરું કાર્ય કરાવવા માટે તસ્દી લેશે ખરાં ?

લોકહિતમ કરણીયમ અંતર્ગત દાહોદ વોર્ડ નં.૦૯ ના કાઉન્સીલર તથા કાર્યકર્તાઓ દ્વારા પ્રસારણ નગર વિસ્તારમાં રહેતા રહીશોની સમસ્યા જાણી તથા સમસ્યાઓનો નિકાલ કરી આપવાના અશ્વાશન આપવામાં આવ્યું.

દાહોદના ખરોદ ગામે અજગરને લાઈફ ફોર વાઈલ્ડ ગૃપે રેસ્કયુ કરી જંગલમાં છોડયો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે એક વાડીમાં સ્થાનિકોને અજગર જોવાતા આ અંગેની જાણ લાઈફ ફોર વાઈલ્ડ ગ્રુપને કરવામાં આવતા ભારે જહેમત બા ગૂદ ૯.૫ ફૂટના અજગરનું રેસ્ક્યું કરી અનુકૂળ સ્થળ પર છોડી મૂકવામાં આવ્યો હતો.

ગત તા.૩૦.૦૬.૨૦૨૧ ના રોજ ખરોદા ગામે રહેતા હીરાભાઈ સોઈડાની વાડીમાં તેઓને અજગર જોવાયો હતો. આ અંગેની જાણ આસપાસ સહિત ગ્રામજનોને થતાં તમામ વાડી તરફ દોડી આવ્યા હતા અને આ અંગેની જાણ લાઈફ ફોર વાઈલ્ડ ગ્રુપને કરવામાં આવતા લાઈફ ફોર વાઈલ્ડ ગ્રુપના સભ્યો સ્થળ પર દોડી ગયા હતા. ભારે જહેમત બાદ લાઈફ ફોર વાઈલ્ડના સભ્યો દ્વારા અજગરને રેસક્યું કરવામાં આવ્યો હતો. અજગર અંદાજે ૯.૫. ફૂટ લાંબો અને અંદાજે ૨૦ કિલો વજનનો હતો. લાઈફ ફોર વાઈલ્ડ દ્વારા આ અંગે નજીકના ફોરેસ્ટ ખાતાની અધિકારીઓને જાણ કરી આ રેસ્કયું કરાયેલ અજગરને અનુકૂળ સ્થળે છોડી દેવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 265

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરા તાલુકાના મહેલોલ ગ્રામ પંચાયતમાં

સરકારી યોજનામાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર : ગ્રામજનો દ્વારા સોગંદનામા સાથે DDOને રજુઆત

મંજુર થયેલ વિકાસના કામોની સ્થળ તપાસ કરી ભ્રષ્ટાચાર આચરનાર સામે ફોજદારી કાર્યવાહીની ગ્રામજનો દ્વારા માંગ

ગોધરા, ગોધરા તાલુકાના મહેલોલ ગ્રામ પંચાયતમાં સરકાર દ્વારા આર્થિક પછાત અને ઘર વિહોણા લાભાર્થીઓને સરકારની આવાસ યોજના, કેટલ શેડ તેમજ શૌચાલયના લાભ મંજુર કરવામાં આવ્યા છે. પરંતુ પંચાયતના સભ્ય તથા કોન્ટ્રાકટરોની મિલીભગતથી લાભાર્થીઓને પુરેપુરા લાભ મળેલ નથી અને તેમાં પણ મોટાભાગના લાભાર્થીઓને યોજના આપેલ છે. તે મળેલ નથી. પંચાયતના સભ્ય તથા કોન્ટ્રાકટરો એકબીજાના મેળાપીપણામાં લાભાર્થીના બેંક ખાતા માંથી બારોબાર નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. તેવા આક્ષેપ સાથે ગ્રામજનો દ્વારા સોગંદનામા સાથે જીલ્લા વિકાસ અધિકારીને લેખિત અરજી કરીને જાત નિરીક્ષણ કરવા અને તપાસ કરવા રજુઆત કરાઈ છે.

ગોધરા તાલુકાના મહેલોલ ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ચાલતા ભ્રષ્ટાચારને લઈ જાગૃત ગ્રામજનો હવે સામે આવ્યા છે. મહેલોલ ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકાર દ્વારા આર્થિક પછાત અને ઘર વિહોણા લાભાર્થીઓને સરકારી આવાસ યોજના, કેટલ શેડ યોજના તેમજ શૌચાલય યોજના અંતર્ગત લાભ મંજુર થયેલ છે પરંતુ ગ્રામ પંચાયતના સભ્ય તથા કોન્ટ્રાકટરો એ એકબીજાના મેળાપીપણામાં લાભાર્થીઓને યોજનાઓનો પુરેપુરો લાભ મળેલ નથી. તેમાં પણ જે લાભાર્થીઓના યોજનાનો લાભ આપેલ છે અને સ્થળ ઉપર મળેલ નથી. તે તપાસનો વિષય છે.

મહેલોલ ગ્રામ પંચાયત વિસ્તારમાં રહેતા લાભાર્થીઓને સરકારી યોજનાના લાભ આવી યોજનાના કામોનો પુરેપેરો લાભ આપેલ નથી. તેમજ જે કામો મંજુર થયેલ છે. તે સ્થળ ઉપર થયા ન હોય જેને જાગૃત ગ્રામજનો દ્વારા સોગંધનામું કરીને અરજી સાથે જીલ્લા વિકાસ અધિકારીને આપવામાં આવ્યું છે અને મહેલોલ ગ્રામ પંચાયતમાં અત્યાર સુધી મંજુર થયેલ વિકાસના કામોના લાભાર્થીઓને સ્થળ ઉપર લાભ મળેલ છે કે કેમ તેની સ્થળ તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. મહેલોલ ગ્રામજનો વતી સામાજીક કાર્યકર દ્વારા માહિતી માંગવામાં આવી હતી. ત્યારે ગામના જે લાભાર્થીઓના કામો મંજુર થયેલ હતા. તેવા લાભાર્થીઓને લાભ નહિ આપીને વંચિત રાખવામાં આવ્યા છે. જ્યારે સરકારી રેકર્ડ ઉપર કામો કમ્પલીટ થયેલના શેરો કરવામાં આવેલ છે. ત્યારે મહેલોલ ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારની તપાસ કરી કાયદેસર ફોજદારી કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

હું તો મંદિરે દર્શન માટે જતો હતો, હું દારૂ નથી પીતોઃ ધારાસભ્યની સ્પષ્ટતા

રિસોર્ટ જુગારધામઃ ધારાસભ્ય સહિત તમામનો જામીન પર છૂટકારો

ગોધરા, પંચમહાલના શિવરાજપુર ખાતે આવેલ જીમીરાં રિસોર્ટ ખાતે પોલીસની રેડ દરમિયાન ખેડા જિલ્લાના માતર ના ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી સહિત૧૯ ખાનદાની કહેવાતા લોકો ૭ મહિલાઓ સાથે શરાબ, શબાબ અને જુગારની મહેફિલ માણતા ઝડપાઇ જવા મામલે પોલીસે જુગારધારાની અલગ અલગ કલમો હેઠળ ગુન્હો નોંધી તમામનું તબીબી પરીક્ષણ કરાવવામાં આવ્યા બાદ ધારાસભ્ય સહિત ૨૪ વ્યક્તિઓનો જામીન પર છુટકારો થવા પમ્યો છે.

પંચમહાલ એલ.સી.બી. એ બાતમી આધારે હાલોલ તાલુકાના શિવરાજપુર પાસે આવેલા એક રિસોર્ટમાં છાપો મારતા આ રિસોર્ટમાંથી ખેડા જિલ્લાના માતરના ધારાસભ્ય સહિત ૧૮ પુરૂષ અને ૭ મહિલાઓ જુગાર રમતા ઝડપાયા હતા. જ્યારે પોલીસે વધુ તપાસ હાથ ધરતા હર્ષદ પટેલ રહે.અમદાવાદના સરસમાન માંથી વિદેશી દારૂની સિલ બંધ ૯ બોટલ ઝડપી પાડી હતી. જુગાર રમવામાં વપરાતા કોઈન અને ૩.૮૦ લાખ જેટલી રોકડ રકમ અને ૧.૧૧ કરોડ ની કિંમતના ૮ લકઝરીયસ વાહનો કબજે કર્યા છે. ૭ મહિલાઓ પૈકી ૩મહિલાઓ નેપાળની હોવાનું પણ સામે આવ્યું છે. ૧૨ કલાક જેટલી કાર્યવાહી કર્યા બાદ પોલીસ દ્વારા ધારાસભ્ય સહિત ઝડપાયેલા તમામને રિસોર્ટથી પ્રથમ પાવાગઢ પોલીસ મથક અને બાદમાં તમામના તબીબી પરીક્ષણ માટે રેફરલ હોસ્પિટલ હાલોલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તમામના તબીબી પરીક્ષાણ હેતુ બ્લડ સેમ્પલ મેળવવામાં આવ્યા હતા. ત્યારબાદ ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી સહિત ૨૪ ઈસમોને જામીન પર મુકત કરવામાં આવ્યા હતા. જ્યારે દારૂ જેના સામાનમાંથી મળી આવ્યો હતો. તેની સામે પણ દારૂના પજેશનનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જેને કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે. તો બીજી તરફ પોલીસ દ્વારા રિસોર્ટમાંથી ઝડપાયેલી યુવતીઓ બાબતે પણ સઘન તપાસ હાથધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ યુવતીઓ કેસીનો ટાઈપના જુગારમાં પ્લાસ્ટિકના કોઈન આપી જુગાર રમવામાં મદદરૂપ થતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે રિસોર્ટના સીસીટીવી તપાસવાની કાર્યવાહી પણ હાથ ધરી છે.

શિવરાજપુર જીમીરા રિસોર્ટમાં પોલીસની રેઈડ દરમિયાન એમ.એલ.એ. સહિત ૧૮ વ્યકિતઓ તેમજ ૭ મહિલાઓ ઝડપાઈ હતી. પોલીસની અંગઝડતીમાં રોકડા રૂપીયા ૩,૮૯,૩૪૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨૫, લેપટોપ-૧ કિંમત ૫,૮૩,૦૦૦ તેમજ ૮ ફોર વ્હીલ કિંમત ૧,૦૬,૦૦,૦૦૦/- મળી ૧,૧૫,૭૨,૪૪૦/- રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.

વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા લાખો રૂપિયાની વીજ ચોરી : MGVCL એ બોલાવ્યો સપાટો

તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગામના MGVCL ના અધિકારીઓમાં મચી દોડ ધામ વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા લાખો રૂપિયાની વિજ પુરવઠાની ચોરી કરવામાં આવે છે અને વેજલપુર ગામના MGVCLના અધિકારી ઓને તમામ પ્રકારની જાણકારી હોવા છતા વેજલપુર MGVCL ના અધિકારી દ્વારા ગ્રામ પંચાયત સામે કોઈપણ પ્રકારની એકશન લેવામાં આવતી ન હોવાથી વેજલપુર ગામના નાગરિક દ્વારા પીજી પોર્ટલ ઉપર ફરિયાદ કરવામા આવી છે કે વેજલપુર ગ્રામ પંચાયતના દ્વારા અનેક વિસ્તારોમાં સ્ટેટ લાઈટની અલગ લાઈન વગર વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા MGVCL દ્વારા વીજ ધારકોને આપવામાં આવતો વીજ પુરવઠાની લાઈન માંથી ડાયરેક લંગર મારીને સ્વીચ લટકાવી ને આખી રાત સ્ટેટ લાઈટો ચલાવવામાં આવે છે. જેથી આખા ગામના લોકોનું વીજનું બિલ વધારે આવે છે. તેવા આક્ષેપો સાથે ઓનલાઈન ફરિયાદ કરવામાં આવી હતી. જેથી અરજદાર એ પીજી પોર્ટલ ઉપર ફરિયાદ કરવામા આવી હતી અને વડોદરાની ટીમ દ્વારા તપાસ ની માંગની કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જેથી વડોદરાની ટીમની બદલે વેજલપુર MGVCLના અધિકારીઓમાં મચી હતી. દોડ ધામ અને વેજલપુર ગામના તમામ વીજ પોલ ઉપર થી ડાયરેક સ્વીચ લટકાવીને ચાલતી તમામ સ્ટેટ લાઈટ ઉતારી લેવામા આવી છે. જેથી ઘણા વર્ષોથી ચાલતી વીજ પુરવઠાની ચોરીનો પર્દાફાશ થયો છે. જેથી વેજલપુર ગામના MGVCLના અધિકારીઓની બેદરકારી સામે આવી છે અને જેના કારણે ગ્રામજનોને અંધકારમાં રેહવાનો વારો આવયો છે અને વેજલપુર ગામમાં દિન પ્રતિદિન ચોરીના બનાવો બનસે તેવું લાગી રહયુ છે. તેથી હવે જોવું રહયું કે, વેજલપુર ગામમા ગ્રામ પંચાયત દ્વારા ચાલતો વીજ ચોરીનો કેટલાક વર્ષોથી ચાલતો વીજ પુરવઠાની ચોરીનો વેજલપુરના MGVCL કેટલાક અને કેટલાક વર્ષોનો દંડ વસુલાત કરશે કે પછી આટલા વર્ષો થી MGVCLના જવાબદાર અધિકારીઓ જેરીતે ગ્રામ પંચાયતને આશીર્વાદ આપતા હતા. તેજ રીતે આશીર્વાદ આપશે કે પછી ગ્રામ પંચાયત સામે લાલ આંખ કરી દંડ વસુલશે તે જોવું રહયું.

શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલ વાઘજીપુર ચોકડી ખાતે સર્કલ બનાવવાની વાહન ચાલકોની માંગ

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલ વાઘજીપુર ચોકડી પાસે સર્કલ બનાવવાની માંગ વાહન ચાલકો માથી ઉઠી છે. અહીં અમુક વાહનો રોંગ સાઈડ આવતા કેટલાક અકસ્માતો બનવા સાથે અનેક લોકો મોતને ભેટ્યા છે. ત્યારે સબંધિત તંત્ર દ્વારા વહેલી તકે સર્કલ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

શહેરા થી ગોધરા તરફ જવાના માર્ગ ઉપર આવેલ વાઘજીપુર ચોકડી પાસે સર્કલ ન હોવાથી અહીથી અવર-જવર કરતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહયો છે. હાઈવે માર્ગથી ગ્રામ્ય વિસ્તારમાં જતા ડામર રોડ પર અનેક જગ્યાએ સર્કલ નહીં હોવાથી ઘણા બધા વાહનચાલકો લાંબુ અંતર કાપવું નહી પડે તે માટે જીવના જોખમે રોંગ સાઈડ વાહન લઈને અવર જવર કરતા હોય છે. હાઈવે માર્ગ ઉપર આવેલ વાઘજીપુર ચોકડી ખાતે અગાઉ પણ કેટલાક અકસ્માતના બનાવો બની ચુક્યા છે. જેમાં કેટલાક લોકો મોતને ભેટવા સાથે વાહનો ને નુકશાન પણ થતુ હોય છે. અનેક વખત જાગૃત નાગરીક દ્વારા લોક દરબારમાં અહી સર્કલ બને તે માટે રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ પણ ગંભીરતા લેવામાં નહી આવતા અહી અકસ્માતના બનાવો બનતા રહેતા હોય છે. જેથી વાઘજીપુર ચોકડી પર સર્કલ બનાવવામાં આવે તેવી માંગ વાહન ચાલકો સહિત સ્થાનિક લોકો કરી રહ્યા છે.

પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યાલયનો શુભારંભ કર્યો

ગોધરા, આજ રોજ પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો. જિલ્લામાંથી ખુબ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલયનું ઉદઘાટન જિલ્લા મહિલા પ્રમુખ આનંદીબેન બારીઆ, ઉપ પ્રમુખ અને અભિનેત્રી ઉન્નતિ પરમાર, જિલ્લા પ્રચાર સામગ્રી પ્રમુખ નૈમિષા વ્યાસ, વિગેરે બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કુ. કાન્ચન ના શુભ હસ્તે રીબીન કાપી, દિપ પ્રાગટય કરાવીને કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો.

જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆના હસ્તે ફળ વધેરીને કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું. જિલ્લાના તમામ કાર્યકર્તાઓનું સંબોધન કરવા ઝોન સંગઠન મંત્રી જયેશભાઈ સંગાડા તથા ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ મહિપતસિંહ ચૌહાણ તથા કિસાન નેતા રમણીકભાઈ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ ઉપસ્થિત મહેમાનોનું ફુલગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

જિલ્લા પ્રમુખે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે, કાર્યાલય એ કામગીરી માટે છે, કાવતરા માટે નહીં. આમ આદમી પાર્ટીનું કાર્યાલય એ કેજરીવાલ છે, ગોપાલભાઈ ઈટાલીયાજી છે અહીં થયેલ સંપર્ક ગોધરા થી ગાંધીનગર અને ગોધરા થી દિલ્હી સુધી જશે. સાથે સાથે ''મારૂં ગામ, મારૂં કામ'' અભિયાનની જાહેરાત કરવામાં આવી છે. ઝોન સંગઠન મંત્રી જયેશભાઈ સંગાડા સાહેબે કાર્યકરોને આમ આદમી પાર્ટી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ મહિપતસિંહ ચૌહાણે કાર્યકરોને સંબોધતા કહ્યું કે હવે ભ્રષ્ટાચાર સામે લડવાની જરૂર છે તેમ કહી પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી ની કામગીરી અને સંગઠને મજબૂત ગણાવી હતી.

ગોધરા તાલુકાના પશ્ચિમ ભામૈયા ગામે દોઢ મહિનાથી વીજ પુરવઠો બંધ રહેતા ગ્રામજનો દ્વારા અધિક ઈજનેરને રજુઆત

ગોધરા, ગોધરા તાલુકાના પશ્ચિમ ભામૈયા ગામમાં છેલ્લા દોઢ મહિના થી વીજ પુરવઠો બંધ છે. ચોમાસાની સીઝનમાં વીજળી ન હોવાથી ઝેરી જનાવર કરડી જવાનો ભય સતાવી રહ્યો છે. આ બાબતે એમ.જી.વી.સી.એલ.ના અધિક ઈજનેરને આવેદન આપવામાં આવ્યું. ગોધરા તાલુકાના પશ્ચિમ ભામૈયા ગામમાં છેલ્લા દોઢ મહિનાથી વીજ પુરવઠો બંધ છે. હાલ ચોમાસાની સીઝન શરૂ થયેલ છે. ત્યારે લાઈટ ન હોવાથી ગ્રામજનોને અંધારાને લઈ ઝેરી જનાવર કરડી જવાનો ભય સતાવી રહ્યો છે. સાથે લાઈટના અભાવે પશુપાલકોને પશુઓને પાણી પીવડાવવા માટે તળાવ સુધી જવું પડે છે. પશુઓને આરોગ્ય અને દુધ ઉપર અસર પડી રહી છે. હાલ ખેતરોમાં ડાંગરના ધરૂ અને ખેતી પાણી ન હોવાથી સુકાઈ જવાથી ભીંતિ સેવાઈ રહી છે. ગ્રામજનો અને ખેડુતો દ્વારા અવારનવાર મૌખિક અને ટેલિફોન દ્વારા ફરિયાદ કરવામાં આવી હોય તેમ છતાં વીજ પુરવઠાની સમસ્યા હલ થયેલ ન હોય આવી ગ્રામજનો અને ખેડુતો વીજ કચેરી એ પહોંચી વહેલી તકે વીજ પુરવઠો શરૂ થાય તેવી માંગણી સાથે અધિક ઈજનેરને આવેદન આપીને રજુઆત કરવામાં આવી છે. ગ્રામજનો દ્વારા જણાવવામાં આવ્યું કે, જો સમયસર વીજ પુરવઠો શરૂ નહિ કરવામાં આવે તો જીલ્લા કલેકટર કચેરી ખાતે ધરણાં પ્રદર્શન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

બાગાયતી ખેતી કરતા ખેડુત મિત્રો માટે અગત્યનું

ગોધરા, પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુત મિત્રો માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે બાગાયત ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ લેવા માટે તા. ૦૧-૦૩-૨૦૨૧ થી તા. ૧૫/૦૬/૨૦૨૧ સુધી અરજી ઓનલાઈન કરવા માટે આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકાયુ હતું. અરજી કરનાર તમામ ખેડુતો કે જે બાગાયત ખાતાની કોઈ પણ સહાય યોજનામાં લાભ લેવા માગતા હોય તેઓએ અરજી સાથે ચાલુ વર્ષની ૭/૧૨, ૮-અની અસલ, આધારકાર્ડ, બેંક ખાતાની વિગત અને જો લાભાર્થી અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિના હોય તો જાતિનો દાખલાની નકલ (SC/ST સિવાયના ખેડુત મિત્રોને જાતિના દાખલાની જરૂર નથી.) વગેરે સાધનિક કાગળો અત્રેની કચેરીએ (સરનામુઃ નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં ૯-૧૨, બીજો માળ, જિલ્લા સેવા સદન-૨, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા ટેલીફોન નં. ૦૨૬૭૨-૨૪૦૦૩૯) ૦૫/૦૭/૨૦૨૧ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં રજુ કરવાના રહેશે. જેની પંચમહાલ જિલ્લાના સર્વે બાગાયતી ખેડુતમિત્રોને નોંધ લેવા જિલ્લા બાગાયત અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

ગોધરા ખાણ-ખનિજ વિભાગે રૂપેણપુરાના તોપણા ગામે સાદી માટીનું ખનન કરતા વાહનો ઝડપાયા

તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા ભુસ્તરશાસ્ત્રીની અધ્યક્ષતામાં સ્પેશ્યલ ટીમ આજરોજ ગોધરા તાલુકાના નારપુરા (રૂપેણપુરા) ખાતે રેઈડ કરી હતી. ૬ વાહનો કિંમત ૫૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડીને જીલ્લા કલેકટર કચેરીના કંપાઉન્ડમાં સીજ કરવામાં આવ્યો છે. વિસ્તૃત વિગતો પ્રમાણે પંચમહાલ ભુસ્તર શાસ્ત્રીની અધ્યક્ષતામાં ખાણ-ખનિજ કચેરીના ગોધરા ક્ષેત્રીય ટીમે ગોધરા તાલુકાના નાટપુરા (રૂપેણપુરા) ગામે રેઈડ કરી હતી. દરમિયાન સાદી માટીનું ખોદકામ કરવામાં આવતું હતું. ખોદકામમાં ઉપયોગમાં લેવાના એસ્કેવેટર નંબર જીજે.૧૭.એએસ. ૨૬૫૮, ટ્રક નંબર જીજે.૦૬.એકસએકસ. ૬૫૫૬, ટ્રક નંબર જીજે.૧૬.ટી.૯૫૮, ટ્રેક્ટર ટ્રોલી, મહિન્દ્રા કંપનીનું ટ્રેક્ટર ટ્રોલી, મહિન્દ્રા કંપનીનુંટ્રેક્ટરે ટ્રોલી મળી ૬ વાહનો કિંમત ૫૫ લાખ રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. પકડાયેલ વાહનોને ગોધરા કલેકટર કચેરી કંપાઉન્ડ સીજ કરવામાં આવ્યા. તેમજ ગોધરા તાલુકાના તોપણા ગામે ખાણ-ખનિજ વિભાગની રેઈડ દરમિયાન સાદી માટીનું ખોદકામ કરવામાં આવતું હતું અને ખોદકામ માટે ઉપયોગમાં લેવાયેલ જીસીબી નંબર જીજે.૦૮.એએસ. ૦૧૮૭, ટ્રેક્ટર જીજે.૦૭.ડીસી.૪૬૩૩ મળી ૨૫ લાખ રૂપીયા મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે. આ મુદ્દામાલ પીએનસી કંપનીમાં સીજ કરવામાં આવ્યો છે.

જાંબુઘોડા પંથકમાં ખેડુતોને ખેતરની ફરતે તારની વાડમાં કરંટ ન ઉતારવા અપીલ કરાઈ

હાલોલ, પાવાગઢ અને જાંબુઘોડા પોલીસ દ્વારા જાહેર જનતાજોગ એક જાહેર હિતની અપીલ કરતો એક પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો હતો. જેમાં ગ્રામ્ય પંથકમાં ખેડુતો દ્વારા ખેતર ફરતે તારની વાડ બનાવી ઈલેકટ્રીક થાંભલા ઉપરથી સીધો કરંટ તાર પર ઉતરતા માણસો સહિત જાનવરો આવા ઈલેકટ્રીક કરંટવાળા તારોના સંપર્કમાં આવવાથી જીવ ગુમાવતા હોય છે. માટે આવુ ન કરવા માટેની અપીલ કરવામાં આવી છે.

ખેડુતો પોતાના ખેતરમાં વાવેલા પાકને જંગલી પ્રાણીઓથી અને પશુઓથી બચાવવા ખેતરની ફરતે તારની વાડ બનાવી વાડ ઉપર વીજ થાંભલા ઉપરથી વીજ વાયર જોડીને વીજળીની ચોરી કરી ઈલેકટ્રીક કરંટ ઉતારે છે જે ગેરકાયદેસર છે. જેમાં ભુતકાળમાં આવા ઈલેકટ્રીક કરંટથી જોડેલા તારી વાડના સંપર્કમાં આવવાથી જાનવરો સહિત મનુષ્યોએ પણ જીવ ગુમાવ્યા છે. જેમાં આવુ કૃત્ય કરનાર ઈસમો સામે ફોજદારી રાહે ગુનો નોંધાઈ કાયદાકિય કાર્યવાહી પણ કરવામાં આવેલ છે જેને લઈ પોલીસે પોતાના ખેતરોમાં આવા કોઈપણ જાતના ઉપાય ન કરી જીવતા વીજવાયર તારની વાડ ફરતે જોડીને મનુષ્ય અને જાનવરોના જીવને જોખમમાં ન મુકવા અપીલ કરી છે. જેને લઈ પાવાગઢ તેમજ જાંબુઘોડા પોલીસ પરિવારે જાહેર જનતા જોગ જાહેર હિતને લઈ એક પત્ર પ્રસિદ્ધ કરી ગ્રામ્ય પંથકના ખેડુતોને વાડો ફરતે બનાવેલ તારની વાડ પર ઈલેકટ્રીક કરંટ ન જોડવા માટે અપીલ કરી અને આવુ કરનાર સામે કાયદાકિય પગલા ભરાશે તેવુ સુચના પણ આપી છે.